અંગ્રેજી ભાષાંતરપાઠમાળા.

ભાગ પહેલો.

કીમત ચાર આના.

The Department of Public Instruction, Bombay.

ENGLISH EXERCISES,

PART I.

BY

REV. T. L. WELLS, B.A.

SEVENTH EDITION.

SANCTIONED FOR

STANDARD II. OF ANGLO-GUJARATI SCHOOLS.

અંગ્રેજી ભાષાંતરપાઠમાળા,

ભાગ પહેલો.

બનાવનાર

રેવરન્ડ ટી. એલ. વેલ્સ, બી. એ.

આવૃત્તિ સાતમી—૧૫,૦૦૦ પ્રત.

અંગ્લોગુજરાતી નિશાળોના બીજા ધોરણને માટે આ પુસ્તક મંજૂર કરેલું છે.

Bombay:
GOVERNMENT CENTRAL BOOK DEPÔT.

1891.

Price Four Annas.

Registered under the Government of India's Act XXV. of 1867.

સને ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ પ્રમાણે રજીસ્ટર કરેલુંછે.

A HINT TO TEACHERS.

I wish to direct the attention of teachers to a peculiarity of the vocabulary which I regard as a matter of importance, and which nevertheless might escape the notice of a casual reader. The characteristic I refer to is that every English common noun is given with its appropriate article, and not as in common dictionaries without any article at all. The omission of the article is the most frequent mistake made for several years after boys begin to learn English; but this would not be the case were they properly taught from the first. Every effort should be made to make learners feel the necessity of placing an article before the names of the individual members of general classes. Instead of this the present plan tends to *prevent* learners acquiring a knowledge of the necessity of the article. A teacher asks a boy, what the English of ઘોડો is, and if the boy answers "horse," the teacher says yes. And then the boy being thus *taught to omit* the article, naturally enough reads "હું ઘોડો જોઉંછું," "I see horse." Now, there is no such thing in creation as "horse." "A horse" has a meaning and so has the "horse," so also "horses" and "the horses" are intelligible terms, but the word horse alone has no meaning to English ears whatever, and suggests nothing so much as that the utterer of it does not know English.

When a boy is asked, therefore, to give the English word for ઘોડો, he should be taught to say "a horse;" and when he replies "horse," and on all occasions when he uses a class term without an article, the teacher should *stare at him in astonishment* as if he had uttered some unintelligible sound. Were this plan adopted, the boys of the class would soon perceive the necessity of the article, and in a short time would use it, as it were intuitively, as English boys do.

So also with nouns requiring the definite article. The boys of the class should never be allowed to name the noun without the article. For instance, when the teacher asks the English word for પૃથ્વી, the answer "earth" should not be accepted. "Earth" means મટોડી, and the equivalent of પૃથ્વી is *the* earth; and so the boys should be taught to say.

On this principle, therefore, I give the article with every noun, and boys should be made to commit all meanings in the same way.

પહેલી આવૃત્તિની પ્રસ્તાવના.

પરભાષામાં લખેલી વાત સમજવી એ ઘણી મુશ્કેલ નથી, પણ પરભાષામાં પોતાના વિચાર શુદ્ધ રીતે જણાવવા એ ખરેખરૂં અઘરૂં છે: તોપણ જ્યાંસુધી ભાષા શુદ્ધ લખતાં ન આવડે ત્યાં સુધી ભાષા આવડી ન કહેવાય. એ ઉપરથી જણાયછે કે જે સજ્જનો અંગ્રેજી ભણેછે, તેઓએ અંગ્રેજીમાં રચતાં શીખવું જોઈએ, નહિ શીખે તો તેઓનો અભ્યાસ ઘણોજ કાચો રહેશે. ગુજરાતી વાક્યના તરજુમા અંગ્રેજીમાં કરાવ્યા વગર કોઈ પણ ઇંગ્લિશ સ્કૂલમાં ચાલતું નથી. પણ એવો અભ્યાસ કરવાની એકે ચોપડી આજ લગણ બહાર પડી નથી. વ્યાકરણ શીખવું હોય તો વ્યાકરણનું પુસ્તક છે, બીજગણિત શીખવું હોય, તો બીજગણિતનું પુસ્તક મળે, ભૂતળવિદ્યા સમ્પાદન કરવી હોય તો તેનું પુસ્તક પણ તૈયાર થયુંછે; પણ અંગ્રેજીમાં રચતાં શીખવું હોય તો એકે પુસ્તક મળતું નથી. આ આપણી નિશાળોમાં મોટી ખામી મને જણાઈ. તેને દૂર કરવાસારૂ અંગ્રેજી ભાષાંતરપાઠમાળા એવા નામનાં કેટલાંએક પુસ્તક રચવાનો મનસુબો કીધો. આ તેમાંનું પહેલું પુસ્તક છે. અંગ્રેજી શીખનારને શરૂજ કરતાં કામમાં આવે એવી આ ચોપડી નથી. તેમાંના બધા અભ્યાસપાઠ શીખનારે લખવાના છે. માટે પહેલાં અંગ્રેજી લખતાં આવડવું જોઈએ, પણ જેણે સરકારી પ્રિમર કે કોઇ પણ નાની ચોપડીનો અભ્યાસ કીધો હોય તેને બધી વાતની સમજ પડે એવાં સાદાં વાક્ય દાખલ કરેલાંછે.

જેનો તરજુમો અંગ્રેજીમાં કરવો છે એવા અભ્યાસપાઠ સાથે બોધપાઠ પણ આવેછે, કે જેમાં પૂરતો ખુલાસો ઉદાહરણો સહિત કરેલોછે. વળી વાક્યમાં આવનાર શબ્દના અર્થ મથાળે આપેલાછે, અને પાછળના

શબ્દના અર્થ ભૂલી ગયા હોય ત્યારે ગુંચવણ ન પડે માટે સઘળા પાઠના શબ્દ મૂળાક્ષરને અનુક્રમે પુસ્તકને છેડે ગોઠવેલો કોષ આપ્યોછે. તરજુમો લખવા બેસતાં અગાઉ તેને લગતા બોધપાઠ માંનો ખુલાસો બરોબર સમજવો જોઈએ. આ વાત પર મહેતાજી સાહેબોએ ખુબ ધ્યાન દેવું જોઈએ. સમજણ પાડવા સારૂ નિશાળીઆઓને કેવા સવાલ કરવા જોઈએ એ દેખાડવા સારૂ પહેલા કેટલાક પાઠમાં પ્રશ્નો દાખલ કીધાછે.

T. L. W.

સાંકળિયું.

અંગ્રેજી ભાષાંતરપાઠમાળા.

ભાગ પહેલો.

પાઠ ૧.

વર્ત્તમાનકાળના પ્રત્યય વિષે.

THE TERMINATIONS OF THE PRESENT TENSE.

ગુજરાતીમાં જેને ક્રિયાપદ કહેછે તેને અંગ્રેજીમાં વર્બ (Verb) એટલે શબ્દ કહેછે. હરેક બોલીમાં ક્રિયાપદનું વિશેષ કામ છે. ક્રિયાપદ વગરકોઈ પણ વાક્ય જોડાય નહિ. એ ઉપરથી એનું નામ શબ્દજ પાડ્યું, કેમકે તે મુખ્ય શબ્દ છે. હવે ક્રિયાપદ (Verb) એ મુખ્ય શબ્દ છે, માટે પહેલાં તેની વાત કરીએ.

૧) અંગ્રેજી ક્રિયાપદના પ્રત્યય બહુજ થોડા છે. એકવચનના બીજા તથા ત્રીજા પુરૂષના પ્રત્યય છે, પણ અનેકવચનમાં કશો પ્રત્યય નથી. જ્યાં પ્રત્યય નથી ત્યાં ક્રિયાપદનો ધાતુ એકલો આવેછે.

૨) **વર્ત્તમાનકાળના પ્રત્યય.**

એકવચન.	અનેકવચન.
હું ચાલુંછું I walk	અમે ચાલીએ છઈએ We walk
તું ચાલેછે Thou walk-est	તમે ચાલોછો You walk
તે ચાલેછે He walk-s	તેઓ ચાલેછે They walk

ક્રિયાપદ સાથે સર્વનામ પણ આપેલાં છે, તે ધ્યાનમાં લેવું.

૩) **સૂચના**. પહેલાં કર્ત્તા, પછી વિશેષણ કે કર્મ, અને છેલ્લું ક્રિયાપદ, એમ ગુજરાતીમાં વાક્ય ગોઠવાયછે. પણ અંગ્રેજી ગોઠવણીમાં એટલો ફેર છે કે, કર્ત્તા પછી ક્રિયાપદ અને છેલ્લું વિશેષણ અથવા કર્મ આવેછે.

ગુજરાતી ગોઠવણી—કર્ત્તા, કર્મ કે વિશેષણ, ક્રિયાપદ.

અંગ્રેજી ગોઠવણીઃ—કર્ત્તા, ક્રિયાપદ, કર્મ કે વિશેષણ.

૪) **ઉદાહરણ.**

તે સારો દોડેછે. He runs well.

દલપતભાઈ ઘણાં ઘર બાંધેછે. Dalpatbhai builds many houses.

૫) ઉપલી ચાર કલમમાં જે વાત આવી તે શીખનાર સમજ્યા કે નહિ એ જાણવા માટે થોડા પ્રશ્ન આપીએ છઈએ. તે પ્રશ્નના ઉત્તર ચોપડીમાં જોયા વગરજ આપવા.

૬) **પ્રશ્નો.**

૧. વર્ત્તમાનકાળમાં અંગ્રેજી ક્રિયાપદના કયા કયા પ્રત્યય થાયછે ?
૨. એકવચનના બીજા પુરૂષનો કયો પ્રત્યય છે ?
૩. એકવચનના ત્રીજા પુરૂષનો કયો પ્રત્યય છે ?
૪. Est અને s સિવાય વર્ત્તમાનકાળે બીજા પ્રત્યય નથી શું ?
૫. કયા કયા રૂપને (વચન અને પુરૂષને) પ્રત્યય નથી લાગતા ?
૬. પ્રત્યય ન હોય ત્યારે કેમ કરવું ?
૭. હું, તું, તે, અમે, તમે, તેઓ, એ સર્વનામનાં અંગ્રેજીમાં જે રૂપ થાયછે તે કહો.
૮. He walk કે They walks એમ બોલાય ? એમાં શું ખોટું છે ?

૯. ગુજરાતી અને અંગ્રેજી વાક્ય ગોઠવવાની રીતમાં શો ફેર છે?
૧૦. વાક્ય ગોઠવવાની રીતમાં જે ફેર છે તેના બે દાખલા આપો.

૭) અભ્યાસપાઠ ૧.

નીચલા પાઠમાં જે શબ્દો આવેછે તેનું અંગ્રેજી અહિયાં આપેલું છે.

બીવું to fear	શીખવું to learn
આવવું to come	લખવું to write
સવાર થઈને જવું to ride	તે છોકરો that boy
મોકલવું to send	તે છોકરા those boys
ધિક્કારવું to despise	આ છોડી this girl
બોલવું to speak	આ છોડીઓ these girls
કામ કરવું to work	જવું to go
રોજ every day	સીવવું to sew (સો)
જોવું to see	કોણ? who

અંગ્રેજી English.

આ બે પાઠમાં ૮૬ નાનાં નાનાં વાક્ય લખેલાં છે. ઉપર જે ખુલાસો આવી ગયો તે પર ધ્યાન રાખી એક એક વાક્યનો તરજુમો કોરા કાગળની ચોપડીમાં સફાઈથી લખવો.

૧ હું દોડુંછું. ૨ તું બીવેછે. ૩ તે બીહેછે. ૪ તમે આવોછો. ૫ અમે આવીએ છઈએ. ૬ તેઓ સવાર થઈને જાયછે. ૭ હું ધિક્કારૂંછું. ૮ તે દોડેછે. ૯ તેઓ દોડેછે. ૧૦ અમે બોલીએ છઈએ. ૧૧ તમે રોજ કામ કરોછો. ૧૨ તેઓ જુએછે. ૧૩ તું જુએછે. ૧૪ તે જુએછે. ૧૫ તે છોકરો લખેછે. ૧૬ આ છોડી વાંચેછે. ૫
૧૭ તે છોકરા જાયછે. ૧૮ આ છોડી સારૂં સીવેછે. ૧૯ કોણ બોલેછે? ૨૦ આ છોકરો બોલેછે. ૨૧ આ છોકરા બોલેછે. ૨૨ હું અંગ્રેજી શીખુંછું. ૨૩ તેઓ અંગ્રેજી શીખેછે. ૨૪ તે અંગ્રેજી શીખેછે. ૯

૮) અભ્યાસપાઠ ૨.

મરાઠી Marathi	સંભાળવું to preserve
ઈશ્વર God	જાણવું to know
ભજવું to worship	મારો my
અમને us	બાપ a father
પાપ sin	પાણી water
ધિક્કારવું, દુશ્મન ગણવું to hate	પીવું to drink
વાંચવું to read	દૂધ milk
ચોપડીઓ books	તે ઘોડો that horse
શિક્ષક the teacher	નિશાળે to school
બધું all	રાંધવું to cook

૧ આ છોડીઓ મરાઠી બોલેછે. ૨ આ છોકરો અંગ્રેજી બોલેછે. ૩ અમે ઈશ્વરને ભજીએ છઈએ. ૪ ઈશ્વર અમને જુએછે. ૫ ઈશ્વર પાપને ધિક્કારેછે. ૬ તું અંગ્રેજી વાંચેછે. ૭ તું ચોપડીઓ વાંચેછે. ૮ તું અંગ્રેજી ચોપડીઓ વાંચેછે. ૯ મારો બાપ અંગ્રેજી જાણેછે. ૧૦ તે રોજ અંગ્રેજી બોલેછે. ૧૧ તે રોજ અંગ્રેજી ચોપડીઓ વાંચેછે. ૧૨ તે છોકરો પાણી પીએછે. ૧૩ તે છોડીઓ દૂધ પીએછે. ૧૪ તે ઘોડો દોડે છે. ૧૫ અમે જઈએ છઈએ. ૧૬ અમે નિશાળે જઈએ છઈએ. ૧૭ અમે રોજ નિશાળે જઈએ છઈએ. ૧૮ શિક્ષક જાયછે. ૧૯ શિક્ષક આવેછે. ૨૦ શિક્ષક અંગ્રેજી સારૂં (well) બોલેછે. ૨૧ ઈશ્વર બધું સંભાળેછે. ૨૨ મારી બેન રાંધેછે.

બોધપાઠ ૨.

અનિયમિત વર્ત્તમાનકાળનાં રૂપ વિષે.

THE PRESENT TENSE—*continued.*

૯) અંગ્રેજી ક્રિયાપદના વર્ત્તમાનકાળના જે બે પ્રત્યય (est ને s) થાયછે તે શીખનાર શીખી ગયોછે, પણ તે વિષે જેટલું જાણવાનું છે તે બધું હજી શીખ્યા નથી; બાકી જે રહ્યું તે હવે બતાવીએ છઈએ.

Ss, sh, ch, x એ વ્યંજન સાથે સ્વર વગર s જોડાય નહિ, માટે ક્રિયાપદનો અંત્યાક્ષર એમાંનો કોઈ એક હોય, તો વર્તમાનકાળના ત્રીજા પુરૂષમાં s પ્રત્યયને બદલે es લખવો, જેમકે He dress-es (તે લુગડાં પહેરેછે). The army march-es (ફોજ કૂચ કરેછે).

અંત્યાક્ષર o હોય ત્યારે પણ es જોઇએ, જેમકે, He goes (તે જાયછે).

૧૦) ક્રિયાપદનો ઉપાંત્યાક્ષર વ્યંજન અને અંત્યાક્ષર y હોય તો est અને es લગાડ્યા પહેલાં y નો i કરવો જોઇએ. જેમકે, try (પ્રયત્ન કરવું), thou tri-est, He tri-es.

વળી ભૂતકાળના પ્રત્યય ed નો પણ એજ નિયમ, he tri-ed (તેણે પ્રયત્ન કીધું *).

Dry (સૂકાવું કે સૂકાવવું) એ ક્રિયાપદના વર્તમાનકાળનાં છ રૂપઃ—

એકવચન.	અનેકવચન.
I dry	We dry
Thou driest	You dry
He dries	They dry

Dried (સૂકાયું કે સૂકાવ્યું).

૧૧) એકપદી ક્રિયાપદનો, અથવા વધારે પદવાળાં ક્રિયાપદમાંના જેના છેલ્લા પદ ઉપર ભાર આવતો હોય તેવાંનો અંત્યાક્ષર વ્યંજન હોય અને તે પૂર્વે એકજ સ્વર હોય તો તે બન્ને ed, est અને ing પ્રત્યય લગાડ્યા પહેલાં તેઓનો અંત્ય વ્યંજન બેવડો લખવો જોઇએ; પણ s પ્રત્યય લગાડતી વખત બેવડો લખવો નહિ.

Omit (પડતું મેલવું) એનાં વર્તમાનકાળનાં છ રૂપઃ—

એકવચન.	અનેકવચન.
I omit	We omit
Thou omittest	You omit
He omits	They omit
Omitted (પડતું મેલ્યું),	Omitting (પડતું મેલતાં).

*અંગ્રેજીમાં કર્તરિપ્રયોગ વગર બીજો પ્રયોગ નથી.

તેમ Allot (આપવું, નીમી આપવું), thou allottest, he allots, allotted (આપ્યું, નીમી આપ્યું), allotting (આપતાં, નીમી આપતાં).

Fulfil (પૂરૂં કરવું), thou fulfillest, he fulfils, fulfilled (પૂરૂં કીધું), fulfilling (પૂરૂં કરતાં).

Rob (લૂંટવું) એના વર્તમાનકાળનાં છ રૂપ:—

એકવચન.	અનેકવચન.
I rob	We rob
Thou robbest	You rob
He robs	They rob
Robbed (લૂંટ્યું)	Robbing (લૂંટતાં)

તેમ Blot (સાહીના ડાઘ પાડવા), thou blottest, he blots, blotted, blotting.

૧૨) પ્રશ્નો.

૧. વર્તમાનકાળના ત્રીજાપુરૂષનો પ્રત્યય s થાયછે તેને બદલે es ક્યારે લખવો પડેછે ?

૨. s ને બદલે es લખવાનું શું કારણ જણાયછે ?

૩. ed શાનો પ્રત્યય છે ?

૪. est, es અને ed પ્રત્યયો લગાડ્યા પહેલાં કેટલાંક ક્રિયાપદમાં અંત્યાક્ષર બદલવો પડેછે તે કેવાં ક્રિયાપદ અને તેમાં શું બદલવું પડેછે ?*

૫. ક્રિયાપદના અંત્યાક્ષર બેવડા લખવા વિષે શો નિયમ છે? એના કેટલાક દાખલા આપો†.

* અંગ્રેજી જોડણી વિષે એક એવો સાધારણ નિયમ છે કે y શબ્દને છેડેજ આવે, વચ્ચે ન આવે; પણ પ્રત્યય લગાડ્યાથી તે વચલે ભાગે આવેછે માટે એવે પ્રસંગે તેનો i કરવો પડેછે.

† અંગ્રેજીમાં બે સ્વરની વચ્ચે એકજ વ્યંજન આવેલો હોય તો, પાછલા સ્વરનો ઉચ્ચાર દીર્ઘ થાયછે, એવો સાધારણ નિયમ છે. જેમકે Thou pinest [થૌ પૈનેસ્ટ] તું ક્ષીણ થાયછે; માટે જ્યાં અસલ સ્વર હ્રસ્વ હોય ત્યાં વ્યંજન બેવડો લખવો પડેછે. જેમકે Thou pinnest [થૌ પિનેસ્ટ] તું ટાંકણી મારેછે.

૧૩) અભ્યાસપાઠ ૩.

પોતાની his	કુતરો the dog
ચોપડીઓ books	કરડવું to bite
બરોબર મુકવું, બરાબર ગોઠવવું to fix	મારવું to beat
બહાર out	ભીખ માગવી to beg
ધસવું to rush	કબૂલ કરવું to confess
કરવું to do	સામા થવું, બંડ ઊઠાવવું to rebel
ભડકવું to shy	મુકવું to lay
બેસવું to sit	પક્ષી the bird
તમને you	ઊડવું to fly
રજા આપવી to permit	પ્રાર્થના કરવી to pray
મને me	સારો good
દરવાજો the door	લોક people

બંધ કરવું to shut

૧. તે પોતાની ચોપડીઓ બરોબર ગોઠવેછે. ૨ તું ચોપડીઓ બરાબર ગોઠવેછે. ૩ તે બહાર ધસેછે. ૪ અમે બહાર ધશીએ છઈએ. ૫ તું બહાર ધસેછે. ૬ તે કરેછે. ૭ ઘોડો ભડકેછે. ૮ તું બેસેછે. ૯ તે બેસેછે. ૧૦ અમે બેશીએ છઈએ. ૧૧ બેસતો. ૧૨ હું તમને રજા આપુંછું. ૧૩ તું મને રજા આપેછે. ૧૪ તે મને રજા આપેછે. ૧૫ અમે તમને રજા આપીએ છઈએ. ૧૬ તે દોડેછે. ૧૭ તમે દોડોછો. ૧૮ તું દોડેછે. ૧૯ દોડતો. ૨૦ તું દરવાજો બંધ કરેછે. ૨૧ કુતરો મને કરડેછે. ૨૨ તું મને કરડેછે. ૨૩ તે તમને મારેછે. ૨૪ તે ભીખ માગેછે. ૨૫ તું ભીખ માગેછે. ૨૬ અમે ભીખ માગીએ છઈએ. ૨૭ તે કબૂલ કરેછે. ૨૮ તું સામો થાયછે. ૨૯ તે સામો થાયછે. ૩૦ તે મૂકેછે. ૩૧ પક્ષી ઊડેછે. ૩૨ તે પ્રાર્થના કરેછે. ૩૩ અમે પ્રાર્થના કરીએ છઈએ. ૩૪ સારા લોક રોજ પ્રાર્થના કરેછે.

અભ્યાસપાઠ ૪.

૧૪)

૧. To remit (માફ કરવું)
૨. To fry (તળવું)
૩. To dig (ખોદવું)
૪. To affix (ચોંટાડવું)
૫. To say (કહેવું)
૬. To cry (રોવું)

એ ૬ ક્રિયાપદના વર્ત્તમાનકાળનાં છ રૂપ, વળી તેમનાં વર્ત્તમાનકૃદંત તથા ભૂતકૃદંત ઉપલા નમૂના પ્રમાણે લખવાં.

બોધપાઠ ૩.

To be (થવું, હોવું) ના વર્ત્તમાનકાળનાં રૂપ.

THE PRESENT TENSE OF TO BE.

૧૫) To be ક્રિયાપદ અનિયમિત કહેવાયછે, કારણકે તેના ભૂતકાળનું તથા ભૂતકૃદંતનું રૂપ જુદી તરેહનું થાયછે. વર્ત્તમાનકાળે તેનાં છ રૂપ નીચે આપેલાંછેઃ—

એકવચન.	અનેકવચન.
૧. હું છું I am	અમે છઈએ We are
૨. તું છે Thou art	તમે છો You are
૩. તે છે He is	તેઓ છે, They are

૧૬) ગુજરાતીમાં વિકારી અને અવિકારી એવા બે પ્રકારનાં વિશેષણ થાયછે, પણ અંગ્રેજીમાં બધાં વિશેષણ અવિકારી કે અવ્યય રૂપી છે. ઉદાહરણ, સારો છોકરો the good boy, સારી છોકરી the good girl, સારા છોકરા the good boys.

૧૭) **સૂચના.** સારૂં એ શબ્દનો અર્થ વખતે વિશેષણ જેવો અને વખતે ક્રિયાવિશેષણ જેવો થાયછે. એનો ભેદ સમજીને અંગ્રેજીમાં તેનો તરજુમો કરવો જોઈએ.

બરાબર, ઠીક, સારૂં, ક્રિયાવિશેષણ=સારીપઠે=Well
સારૂં, વિશેષણ=Good

ઉદાહરણ.

આ કડીઓ સારૂં ઘર બાંધેછે.	This mason builds a good house.
આ કડીઓ ઘર સારૂં (=સારી રીતે)બાંધેછે.	This mason builds a house well.

૧૮) પ્રશ્નો.

૧. To be ક્રિયાપદને અનિયમિત કહેવાનું શું કારણ છે ?

૨. તે છે અને તેઓ છે. અંગ્રેજીમાં એ કેમ બોલાયછે ?

૩. ગુજરાતી વિશેષણમાં કેટલા ભેદ છે, અને અંગ્રેજી માં કેટલા છે? તેનાં ઉદાહરણ આપો.

૪. સારો, સારી, સારૂં, એ વિશેષણ હોયછે, ત્યારે અંગ્રેજીમાં તેનો તરજુમો કેમ થાયછે? તે ક્રિયાવિશેષણ હોયછે, ત્યારે તેનો તરજુમો કેવો કરવો જોઇએ ? ઉદાહરણ આપો.

૧૯) અભ્યાસપાઠ ૫.

નાનું small, little	એક one
મોટું big, large	બે two
ઘોડો the horse	થોડા a few
ઘાસ grass	બેન a sister
સૂકું dry	બેનો sisters
સૂકું ઘાસ hay	પડવું to fall
મારૂં my	ભાઇ a brother
ગાય the cow	પરમેશ્વર God
અહિંઆં here	મને me

ચરવું to graze
જલદી fast, quickly
ઘણું, મસ much
ઉંદરો rats
ઉંચું tall, high
નિશાળે જવું to go to school
કડીઆ masons
લુહારો blacksmiths
ઘડવું to forge
ડોસો an old man
લૂલો lame
રાજા a king
મહેલ a palace
રહેવું to live, to dwell

૧ તે સારો છે. ૨ આ ચોપડી નાની છે. ૩ અમે મોટા છઈએ. ૪ તે ઘોડો ઘાસ ખાયછે. ૫ મારો મોટો ઘોડો સૂકું ઘાસ ખાયછે. ૬ આ ઘાસ સૂકું છે. ૭ આ ઘાસ છે. ૮ મારી ગાય અહિંઆં છે. ૯ આ ગાય મોટી છે. ૧૦ આ મોટી ગાય ચરેછે. ૧૧ મારો ઘોડો જલદી દોડેછે. ૧૨ તે ઘણું કામ કરેછે. ૧૩ હું બે ઉંદર જોઉંછું. ૧૪ રોજ હું એક ચોપડી વાંચુંછું. ૧૫ અમે ઉંચા છઈએ. ૧૬ તેઓ થોડા છે. ૧૭ મારી બેન પડેછે. ૧૮ મારી બેન સારી છે. ૧૯ તું મારો ભાઈ છે. ૨૦ પરમેશ્વર મને જુએછે. ૨૧ મારી બેનો નાની છે. ૨૨ મારો નાનો ભાઈ રોજ નિશાળે જાયછે. ૨૩ કડીઆ ઘરો બાંધેછે. ૨૪ લુહારો લોઢું ઘડેછે. ૨૫ એ ડોસો ડોશી બહુ ભલાં છે. ૨૬ તે બહુ સારૂં કરેછે. ૨૭ આ છોકરો લૂલો છે. ૨૮ રાજાઓ મહેલમાં રહેછે.

૨૦) અભ્યાસપાઠ ૬.

તેનું his
તે (વિશેષણ) that
તે (સર્વનામ) he
તેને him
તેઓ they
પાઠ a lesson
ગરીબ poor
સુંદર pretty
લાલ red
ઘોડી a mare
છોકરૂં a child
કાકો uncle
પૈસાદાર rich
આપણું our

ઓળખવું to know	વાડ a hedge
અમારૂં our	વાડી a garden
ચપ્પુ a penknife	માળી a gardener
છરી a knife	બનાવવું to make
ટાઢું cold	પાણી water
દીકરા sons	દીકરો a son
ગરમ warm	દૂધ milk
ટોપલી a basket	જુવાન young
ઘઉં wheat	ભરેલી full
સુખી happy	મોંઘું dear
ખાલી empty	નોકર a servant
દેખાવું to look, to appear	માંદું ill

૧ હું તેની બેન છું. ૨ તે મારો દીકરો છે. ૩ તે છોકરો મારો છે. ૪ આ છોકરો મારી ચોપડી વાંચેછે. ૫ આ છોડી સારૂં વાંચેછે. ૬ હું મારો પાઠ શીખુંછું. ૭ તેઓ ગરીબ છે. ૮ તમે સારૂં વાંચોછો. ૯ આ પરશોત્તમ છે. ૧૦ હું તેને ઓળખુંછું. ૧૧ અમારા બે દીકરા સારૂં બોલેછે. ૧૨ મારો દીકરો નિશાળે જાયછે. ૧૩ આ ચપ્પુ તેનો છે. ૧૪ આ મારી છરી છે. ૧૫ આ છરી સારી છે. ૧૬ તેઓ સુંદર છે. ૧૭ ઈશ્વર સારો છે. ૧૮ આ લાલ છે. ૧૯ આ ઘોડો સારો છે. ૨૦ આ ઘોડી સારી છે. ૨૧ આ છોકરૂં સારૂં છે. ૨૨ મારો કાકો પૈસાદાર છે. ૨૩ આપણી વાડી સારી છે. ૨૪ આ માળી વાડી સારી બનાવેછે. ૨૫ તે માળી વાડ સારી બનાવેછે. ૨૬ આ પાણી ટાઢું છે. ૨૭ મારો ઘોડો જુવાન છે. ૨૮ આ ટોપલી ભરેલી છે. ૨૯ ઘઉં મોંઘા છે. ૩૦ હું સુખી છું. ૩૧ આ મારો નોકર છે. ૩૨ તે ટોપલી ખાલી છે. ૩૩ તમે માંદા દેખાઓછો.

બોધપાઠ ૪.

નામનાં અનેકવચન રૂપ વિષે.

THE PLURAL OF NOUNS.

૨૧) ગુજરાતીમાં ઓ અનેકવચનનો પ્રત્યય કહેવાયછે. અંગ્રેજીમાં s (ઉચ્ચારમાં=z) લગાડીને અનેકવચનનું રૂપ કરેછે, જેમકે ઘોડાઓ horse-s, ડગલાઓ coat-s. બોલવામાં અંત્યાક્ષર સાથે s બરોબર ન ભળે તો es લગાડેછે, જેમકે પેટીઓ box-es, દેવલો church-es. Ss, sh, ch (ચ) તથા x, એ વ્યંજનો સાથે s ભળતો નથી, માટે એઓ આવે ત્યારે અનેકવચનનું રૂપ es લગાડે થાયછે.*

૨૨) અંગ્રેજી ક્રિયાપદ તથા નામના s પ્રત્યય જે આવેછે તેનો ઉચ્ચાર z જેવો થાયછે. o પછવાડે કેવળ s લગાડે z નો ઉચ્ચાર ન થાય, માટે એવે પ્રસંગે es લગાડવા જોઈએ. આ નિયમ જેમ ક્રિયાપદના વર્તમાનકાળના ત્રીજા પુરૂષના રૂપને તેમ નામનાં અનેકવચન રૂપને લાગેછે. Gos નો ઉચ્ચાર ગોસ થાય તે સારૂ He gos ન લખાય પણ he goes (ગોઝ) લખવું જોઈએ. તેમ buffalo (ભેંસ) નું અનેકવચન રૂપ buffalos નહિ પણ buffaloes થાયછે.

૨૩) નામનો ઉપાંત્યાક્ષર વ્યંજન અને અંત્યાક્ષર y હોય તો y નો ies કરે તેનું અનેકવચન રૂપ થાયછે, જેમકે fly (માખી) flies (માખીઓ). (૧૦ મું ખંડક જુઓ).

૨૪) **પ્રશ્નો.**

૧. અંગ્રેજીમાં નામનું અનેકવચન રૂપ કયો પ્રત્યય લગાડે થાયછે?

૨. કેટલાંએક ઉચ્ચારણો સાથે s ભળતો નથી, તેઓ કિયાં ?

---

* એવું જોવામાં આવ્યુંછેકે ક્રિયાપદનો s પ્રત્યય તે એકવચનમાંજ આવેછે અને નામનો s પ્રત્યય તે અનેકવચનનો છે. એ ઉપરથી એવો નિયમ બંધાયકે કર્ત્તામાં s હોય તો ક્રિયાપદમાં ન જોઈએ અને ક્રિયાપદમાં s હોયતો કર્ત્તામાં ન જોઈએ.

૩. s સાથે ન ભળે એવો અક્ષર શબ્દને અંતે આવેછે ત્યારે s ને બદલે પ્રત્યયનું કેવું રૂપ થાયછે?

૪. o સાથે s બરોબર ભળે તોપણ અંત્યાક્ષર o હોયછે ત્યારે ક્રિયાપદમાં તેમ નામમાં s પ્રત્યયનું es એવું રૂપ કરવું પડેછે તેનું શું કારણ છે? તેનાં ઉદાહરણ આપો.

૫. અનેકવચન રૂપના સંબંધમાં y વિષે કેવો નિયમ છે?

૨૫) અભ્યાસપાઠ ૭.

એક one	વાર્તા a story
બે two	કહી સંભળાવવું, કહેવું to tell
ત્રણ three	કૂંચી a key
ચાર four	કેરી a mango
પાંચ five	કેટલાંક some
છ six	ગાય the cow
સાત seven	બિલાડી the cat
આઠ eight	દેવલ a church
નવ nine	લોંકડી a fox
દશ ten	જનાવર an animal
ખુરશી a chair	ખાવું to eat
દહાડો a day	ઇચ્છા a wish
ઘણા many	ઘરડું old
તસુ an inch	જૂનું old
લશ્કર an army	કલમ a pen
પટાટો a potato	કે, અથવા or
પાનું a page	અભ્યાસપાઠ an exercise.

૧ ત્રણ ખુરશીઓ. ૨ બે દહાડા. ૩ ચાર તસુ. ૪ ઘણાં લશ્કર. ૫ પાંચ પટાટા. ૬ તે વાર્તા કહી સંભળાવેછે. ૭ આ કૂંચીઓ મારી છે. ૮ આ કેરીઓ સારી છે. ૯ હું ત્રણ ઘોડા અને છ ગાય જોઉંછું. ૧૦ આ ટોપલીઓ ખાલી છે. ૧૧ એક ભરેલી છે,

૫ અને બે ખાલી છે. ૧૨ કેટલાંક પક્ષીઓ માખી ખાયછે. ૧૩ બિલાડાં પક્ષી ખાયછે. ૧૪ પાંચ દેવલો. ૧૫ લોંકડી નાનાં જનાવર ખાયછે. ૧૬ મારી સારી ઇચ્છાઓ. ૧૭ મારા કાકાઓ ઘરડા છે. ૧૮ આ સાત કલમો જૂની છે. ૧૯ હું આઠ કે નવ પાનાં શીખુંછું. ૯ ૨૦ દશ અભ્યાસપાઠ.

બોધપાઠ ૫.

To have ક્રિયાપદનો વર્તમાનકાળ.

THE PRESENT TENSE OF TO HAVE.

૨૬) કબજે છે, એવો વિચાર જણાવવા સારૂ ગૂજરાતીમાં "પાસે છે" એવું બોલવાનો દસ્તૂર છે. પણ અંગ્રેજીમાં એ વિચાર જણાવવા to have એવું એક ખાસ ક્રિયાપદ છે. તેનાં વર્તમાનકાળ રૂપ નીચે પ્રમાણે થાયછે:—

એકવચન.		અનેકવચન.	
મારી પાસે છે	I have	અમારી પાસે છે	We have
તારી પાસે છે	Thou hast	તમારી પાસે છે	You have
તેની પાસે છે	He has	તેઓની પાસે છે	They have

૨૭) મને છે અને મારી પાસે છે એ બેનો અર્થ મળતો છે અને અંગ્રેજીમાં to have થીજ બેઉનો તરજુમો થાયછે.

૨૮) **ઉદાહરણ.**

મારી પાસે બે ચોપડી છે	I have two books
છોકરા પાસે ત્રણ કલમ છે	The boy has three pens
મારા બાપા પાસે ઘણા રૂપિઆ છે	My father has many rupees
આ માણસને બે દીકરા છે	This man has two sons

૨૯) પ્રશ્નો.

૧. કોઈની પાસે કંઈ ચીજ છે એવું અંગ્રેજીમાં કેમ બોલાયછે ? તેનાં ઉદાહરણ આપો.

૨. To have ક્રિયાપદનાં ૬ વર્તમાનકાળ રૂપ કહો.

૩૦) અભ્યાસપાઠ ૮.

રોજ daily
દેવની પ્રાર્થના કરવી to pray to God
ખરાબ bad
મારૂં my
સોય a needle
તમારૂં your
ખડિયો an inkstand, an inkbottle
પાસે by, beside
મારી પાસે beside me
બેઠું sitting
સીસાપેન a pencil
ભાઈ a brother
રમકડું a toy
ઢીંગલી, પૂતળી a doll
સૂતાર a carpenter
હથિયાર a tool
બેસવું to sit
માબાપ parents
દુઃખ દેવું to grieve
નઠારૂં bad, wicked
શિક્ષા કરવી to punish
શિક્ષક પાસે beside the teacher
છોકરો a son
પેટ ભરવું to support
બળદ an ox
હળ ખેડવું to plough
ઓટલો a verandah
થાંભલો a pillar.

૧ હું માંદો છું. ૨ તું સુખી છે. ૩ તે રોજ દેવની પ્રાર્થના કરે-છે. ૪ મારી પાસે એક ચપ્પુ છે. ૫ તારી પાસે બે સારી કલમ છે. ૬ તેની પાસે એક ખરાબ કલમ છે. ૭ તારી પાસે મારી સોય છે. ૮ અમારી પાસે તમારી ચોપડીઓ છે. ૯ મારી પાસે ગોવિંદ બેઠોછે. ૧૦ ગોવિંદ પાસે મારી સીસાપેન છે. ૧૧ મારા નાના ભાઈ પ પાસે ચાર રમકડાં છે. ૧૨ મારી નાની બેન પાસે બે પૂતળી છે.

૧૩ સૂતાર પાસે ઘણાં હથિયાર છે. ૧૪ શિક્ષક પાસે ઘણી ચોપડી છે. ૧૫ તે શિક્ષક પાસે બેસેછે. ૧૬ અમે મહેતાજી પાસે બેઠા છઇએ. ૧૭ આ માણસને બે દીકરા છે. ૧૮ ખરાબ છોકરા પોતા-
૧૦ નાં માબાપને દુઃખ દેછે. ૧૯ સારા શિક્ષકો નઠારા છોકરાને શિક્ષા કરેછે. ૨૦ એમને એક છોકરો છે. ૨૧ તે એમનું પેટ ભરેછે.
૧૨ ૨૨ બળદો હળ ખેડેછે. ૨૩ ઓરડાને છ થાંભલા છે.

બોધપાઠ ૬

અનિયમિત અનેકવચન.

IRREGULAR PLURALS.

૩૧) કેટલાંએક અંગ્રેજી નામનું અનેકવચન રૂપ s લગાડે થતું નથી. તેમને સારૂ એક નિયમ નથી, કેમકે અનેકવચન રૂપ જુદી જુદી રીતે થાયછે, તેથી તેટલા શબ્દનાં રૂપ તો ગોખવાં પડેછે, પણ સુભાગ્યે તેમની સંખ્યા નાની છે માટે તે શીખવાને ઘણી મહેનત પડતી નથી.

૩૨) નીચલાં નામનાં અનેકવચન રૂપ અનિયમિત રીતે થાયછેઃ—

પુરૂષ a man	પુરૂષો men	a નો e થાયછે.
બાયડી a woman	બાયડીઓ women	
પગ a foot	પગો feet	oo નો ee થાયછે.
હંસ a goose	હંસો geese	
દાંત a tooth	દાંતો teeth	
ઊંદર a mouse	ઊંદરો mice	ou નો i થાયછે.
જૂ a louse	જૂઓ lice	
બળદ an ox	બળદો oxen	en પ્રત્યય લાગેછે.
બાળક a child	બાળકો children	

૩૩) **પ્રશ્નો.**

૧. શું બધાં નામનું અનેકવચન રૂપ અંગ્રેજીમાં એકજ રીતિએ થાયછે?

૨. ઠ નો ૭ કરે કિયાં નામનું અનેકવચન રૂપ થાયછે?

૩. tooth એ નામનું અનેકવચન રૂપ કેમ કરી થાયછે? એવાજ સ્વર ફેર કીધાથી બીજાં કિયાં નામનું અનેકવચન રૂપ થાયછે?

૪. ox એ નામનું અને child એ નામનું અનેકવચન રૂપ સરખીજ રીતે થાયછે શું?

૩૪) અભ્યાસપાઠ ૯.

મોજું a sock, a stocking	કોળવઈમાં જવું to go into the trap
ગૂંથવું to knit	
ઊંચું tall	માં in, into
લાંબું long	કેવળ only
આ (એકવચન) this	એકનું છે, થાયછે, એકને છે, એકની પાસે છે, એકને ત્યાં છે one has
આ (અનેકવચન) these	
જોવું to see	બેનું છે, બેનું થાયછે, બેને છે, બેની પાસે છે, બેને ત્યાં છે, two have
મારાં બે both my	
જોડવું to yoke	આંધળું blind

કોળવઈ a trap, a rat-trap ખેડુત a farmer

પોતાના બે both his બાપડો poor. ડોસો an old man.

૧ એક પુરૂષ. ૨ બે પુરૂષ. ૩ એક બાયડી મોજાં ગૂંથેછે. ૪ બે બાયડી મોજાં ગૂંથેછે. ૫ હું પાંચ ફુટ ઊંચો છું. ૬ આ એક ફુટ લાંબું છે. ૭ હું ઘણા પુરૂષ જોઉંછું. ૮ આ છોકરો હંસોને મારેછે. ૯ આ છોકરીઓ હંસોને મારેછે. ૧૦ આ છોકરા મારા પગમાં મારેછે. ૧૧ આ છોકરો મારા બે પગપર મારેછે. ૧૨ ખેડુત (the) બળદો જોડેછે. ૧૩ ખેડુત પોતાના બે બળદ જોડેછે. ૧૪ ત્રણ ઊંદર કોળવઈમાં જાયછે. ૧૫ હું કોળવઈમાં કેવળ બે ઊંદર જોઉંછું. ૧૬ બે હંસના ચાર પગ થાયછે. ૧૭ એક ઘોડાને ચાર પગ હોયછે. ૧૮ બે ઘોડાના આઠ પગ થાયછે. ૧૯ ત્રણ આંધળી ઊંદરડી. ૨૦ બે ગાય અને ચાર બળદ. ૨૧ એક બાળક. ૨૨ આ બાયડીને બે બાળક છે. ૨૩ આ બે બાયડીને ચાર બાળક છે. ૨૪ આ બાપડા ડોસાને દાંત નથી (has no). ૨૫ નઠારાં છોકરાં હમેશા રમેછે. ૧૨

૩૫) અભ્યાસપાઠ ૧૦.

મેજ a table
ઊંટ a camel
બકરૂં a goat
સવારી કરવી to ride
લાકડાનું wooden
દૂધ milk
ગધેડું an ass, a donkey
પર, ઉપર on, upon
પેટી a box
પાઘડી a turban
ગાય a cow
ભેંસ a buffalo
કામનું useful
રોજ daily
દોડવું to run
વગડાઉ wild
વાઘ a tiger
હરાવવું to defeat

૧ મારી પાસે ત્રણ ચોપડી છે. ૨ આ કોટડીમાં ચાર ખુરશીઓ છે. ૩ અમે દશ છઈએ. ૪ તેની પાસે બે સારા ઘોડા છે. ૫ મારી પાસે ત્રણ મેજ છે. ૬ તેની પાસે એક મોટો અને એક નાનો ઘોડો છે. ૭ મારી વાડીમાં છ માણસો બેઠાછે. ૮ છ ઊંટ અને દશ બકરાં ખેતરમાં ચરેછે. ૯ આ મારૂં ઊંટ છે. ૧૦ તે ઊંટપર મારો ભાઈ સવારી કરેછે. ૧૧ આ પેટીઓ લાકડાંની છે. ૧૨ હું રોજ દેવની પ્રાર્થના કરૂંછું. ૧૩ તેની પાસે બે કલમ છે. ૧૪ અમારી પાસે ત્રણ નાના કુતરા છે. ૧૫ તમારી પાસે કેવળ એક કુતરો છે. ૧૬ મારી બેન પાસે ત્રણ ભેંસ છે. ૧૭ તેઓ દૂધ દેછે. ૧૮ હું સાત ગધેડાં અને ત્રણ ભોંકડી જોઉંછું. ૧૯ મારાં ઘર મોટાં છે. ૨૦ તેની પાસે બે ટોપી ને ત્રણ પાઘડી છે. ૨૧ ગાયો, ભેંસો, બળદ બહુ કામનાં છે. ૨૨ ઉંદરો મારા ઘરમાં રોજ દોડેછે. ૨૩ ચાર વગડાઉ ભેંસ એક વાઘને હરાવેછે.

બોધપાઠ ૭

An તથા The વિષે.

THE ARTICLES.

૩૬) વર્ગસૂચક નામ એકવચને અંગ્રેજીમાં એકલું આવે નહિ. તેના અર્થની હદ બતાવવા સારૂ તેની પૂર્વે દર્શક વિશેષણ જેવો કોઈ

બીજો શબ્દ જોઇએ, જેમકે my, his, this, Govind's, એવો શબ્દ ન હોય તો એક આર્ટિકલ (હદ દર્શક વિશેષણ) લગાડવું પડેછે. આર્ટિકલ બે થાયછે, An કે A અને The.

ઉદાહરણ.

આ બળદ છે	This is ox એમ નહિ પણ This is an ox
હું હાથી જોઉંછું	I see an elephant
તું ચોપડી વાંચેછે	Thou readest a book
તે આળસુ છોકરો છે	He is an idle boy

૩૭) વ્યંજનની પૂર્વે an નો n ઊડી જાયછે.

૩૮) અનેકવચને આવનાર નામની પૂર્વે એવા આર્ટિકલની જરૂર નથી. અનેકવચન વિષે ગુજરાતી તથા અંગ્રેજી રીત મળતી આવેછે.

ઉદાહરણ.

ઘોડાને ચાર પગ હોયછે	Horses (=all horses) have four feet
અર્બસ્તાનથી મુંબઇ ઘોડા આવેછે	Horses (=some horses) come to Bombay from Arabia

૩૯) મુકરર પ્રાણી પદાર્થ જણાવવા સારૂ નામની પૂર્વે એકવચનને તેમ અનેકવચનને the લગાડેછે, જેમકે, મહેતાજીને સારૂં નથી (આમાં કોઇપણ મહેતાજીની વાત નથી, પણ આપણો જે મહેતાજી તેની, માટે અંગ્રેજીમાં) The schoolmaster is not well. છોકરા ઘેર ગયાછે, The boys have gone home.

૪૦) An ઇન્ડેફિનિટ આર્ટિકલ (The Indefinite Article) અને The ડેફિનિટ આર્ટિકલ (The Definite Article) કહેવાયછે.

૪૧) The એકવચને અને અનેકવચને આવનાર નામની પૂર્વે

આવે, પણ An નો મુળ અર્થ એક થાયછે તેથી કેવળ એકવચન સાથે વપરાયછે.

૪૨) An=એકાદું.

The=સામાવાળો જાણેછે તે.

૪૩) ૧. I see a book on a table

૨. I see a book on the table

૩. I see the book on a table

૪. I see the book on the table

૧. કોઇ પણ મેજ પર કોઈ પણ ચોપડી જોઉંછું.

૨. તે કે પેલી મેજ પર (એટલે જે મેજ સામાવાળો જાણે-છે તે મેજ પર) કોઈ પણ ચોપડી જોઉંછું.

૩. તે ચોપડી (કોઈ મુકરર ચોપડી, કઈ ચોપડી તે સામાવાળો જાણેછે) હું કોઈ પણ મેજપર જોઉંછું.

૪. કોઇ મુકરર મેજ પર કોઈ મુકરર ચોપડી હું જોઉંછું.

એ ચાર વાક્ય પર ધ્યાન રાખી an તથા the વાપરવાની રીત તથા તરજુમા ઉપરથી એકેક વાક્યનો ખરો અર્થ શીખવો.

૪૪) પ્રશ્નો.

૧. અંગ્રેજીમાં વર્ગસૂચક નામ એકવચને એકલું આવે કે ? તેની પૂર્વે શું જોઇએ ?

૨. એકવચને આવનાર વર્ગસૂચક નામની પૂર્વે દર્શક વિશેષણ જેવો શબ્દ ન હોય તો શું લગાડવું જોઇએ ?

૩. An નું બીજું કયું રૂપ થાયછે ? An ને બદલે a ક્યારે આવેછે ?

૪. એકવચને આવનાર નામની પૂર્વે દર્શક વિશેષણ કે આર્ટિકલ મુકવાની જરૂર છે કે ?

૫. The એ આર્ટિકલ ક્યારે વાપરવો જોઇએ ?

૬. An એ શબ્દનું નામ શું, અને તે કયે વચને વપરાયછે? The એનું નામ શું અને કયે વચને તે વપરાયછે ?

૪૫) અભ્યાસપાઠ ૧૧.

રસ્તો a road, a street	કોટડી a room
દોડવું to run	જોયું saw
દોડતો running	ખાટલો a bedstead
મૂકવું to lay, place	સૂતું lying
સીસી a bottle	કાળું black
તૂટેલું broken	ધોળું white
પ્યાલું a cup, a bowl (બોલ)	સુંદર beautiful
ટોપી a cap	ગુલાબ a rose
કોરવાળી ટોપી a hat	ગુલાબનું ઝાડ a rose bush
પાઘડી a turban	આગ fire
ખેતર a field	હેઠળ beneath
નકશો a map	ચકલી a sparrow
ભૂગોળવિદ્યા geography	રહેવું to live
જીન a saddle	ભાભી a brother's wife, a sister-in-law
ફળ a fruit	ઘેર to ——'s

૧ ઘોડા ઘાસ ખાયછે. ૨ રસ્તામાં (મુકરર) ઘોડા દોડેછે. ૩ રસ્તામાં ઘોડા દોડતા હું જોઉંછું. ૪ મેજ ઉપર ચોપડી મૂકુંછું. ૫ પાણી સીસીમાં છે. ૬ આ તૂટેલી સીસી છે. ૭ તેની પાસે ખરાબ કલમ છે. ૮ ખાટલો તૂટેલો છે. ૯ પ્યાલું તૂટેલું છે. ૧૦ નવી ટોપી. ૧૧ ઊંચું ઘર. ૧૨ આ જૂની પાઘડી છે. ૧૩ બળદ ખેતરમાં છે. ૧૪ ફળ કોટડીમાં છે. ૧૫ તે ખાટલાપર સૂતોછે. ૧૬ એક નાનો કાળો કૂતરો. ૧૭ એક ધોળી બિલાડી. ૧૮ એક સુંદર ફૂલ. ૧૯ મોટા છોકરા પાસે ચોપડી છે. ૨૦ ગાયો મોટા ખેતરમાં છે. ૨૧ ઘણી ગાયો ઊભી છે. ૨૨ ગુલાબ સુંદર ફુલ છે. ૨૩ તારી પાસે બે ગુલાબનાં

૧૦ ઝાડ છે. ૨૪ આગ પાસે ભોળાનાથ બેઠોછે. ૨૫ બાયડી ઝાડ હેઠળ બેઠીછે. ૨૬ ચકલી ઝાડપર રહેછે. ૨૭ હું ભાભીને ઘેર જાઉંછું.

અભ્યાસપાઠ ૧૨.

૪૬)

પાંજરૂં a cage ધોવું to wash

લૂગડાં clothes (ક્લોઝ) માગવું to want, to ask for

નીચલાં છ વાક્યમાંના એકેકના ચાર જુદા જુદા તરજુમા કરવા જોઈએ.

૧ પાંજરામાં પક્ષી છે. ૨ ઝાડ પાસે બકરૂં હું જોઉંછું. ૩ બાયડી લૂગડાં ધુએછે. ૪ બાયડી નદીમાં ધુએછે. ૫ છોકરા ચોપડી માગેછે. ૬ છોકરો ચોપડીઓ માગેછે.

બોધપાઠ ૮.

કૃદંત વિષે.

THE PARTICIPLES.

૪૭) અંગ્રેજી ક્રિયાપદના વર્ત્તમાન તથા ભૂત એમ બેજ કૃદંત થાયછે.

૪૮) વર્ત્તમાનકૃદંત (The Present Participle) નો પ્રત્યય ing છે, જેમકે, to Play રમવું, Playing રમતું.

૪૯) ભૂતકૃદંત (The Past Participle) નો પ્રત્યય ed છે, જેમકે played રમ્યું.

૫૦) વર્ત્તમાનકૃદંત કરવાની સઘળાં ક્રિયાપદ સારૂ ઉપલી એકજ રીત છે, પણ કેટલાંક ક્રિયાપદને અનિયમિત (irregular) કહેછે તેઓના ભૂતકૃદંત ઉપર બતાવ્યા કરતાં જુદે પ્રકારે થાયછે.

૫૧) વર્ત્તમાન કૃદંત સાથે to be લગાડયાથી વર્ત્તમાનકાળનું બીજું રૂપ સાધિત થાય. આ બીજા રૂપને ચાલુ વર્ત્તમાન (The Continuous Present) કહેછે.

ઉદાહરણ.

હું ચાલતો છું, હું (હમણા) ચાલુંછું, અથવા હું ચાલવામાં છું.	I am walking
તે ચાલતો છે, (હમણા) ચાલેછે, અથવા તે ચાલવામાં છે.	He is walking

૫૨)

વર્ત્તમાન ચાલુ રૂપ.

એકવચન.	અનેકવચન.
I am talking	We are talking
Thou art talking	You are talking
He is talking	They are talking

૫૩) જે વખત વિષે બોલાયછે, તે વખતે ક્રિયાપદથી જે કામ બતાવાયછે તે કામ જારી કે ચાલતું હોય તો ચાલુ રૂપ વપરાયછે. ગુજરાતીમાં એનું બરોબર રૂપ નથી, માટે જુદે રૂપે તેનો તરજુમો કરાયછે. જેમકે I am talking=હું બોલુંછું, અથવા હું બોલતોછું, અથવા હું બોલવામાં છું. બોલવામાં છું એવું બોલવાની સાધારણ રૂઢી નથી, તોપણ અંગ્રેજી ચાલુ રૂપનો અર્થ બીજી રૂઢી કરતાં એ રૂઢીથી ઠીક દર્શાવાયછે, એવું નિશાળીઆએ યાદ રાખવું. માટે ing નો ખરો અર્થ " વામાં " થાયછે એવું કહીએ તો ચાલે.

૫૪)

પ્રશ્નો.

૧. અંગ્રેજી ક્રિયાપદના કયા કયા કૃદંત થાયછે ?

૨. અંગ્રેજી કૃદંતના પ્રત્યય કહો.

૩. વર્ત્તમાન ચાલુ રૂપ કઇ રીતે સાધિત થાયછે અને તે ક્યારે વાપરવો જોઇએ ?

૫૫)

અભ્યાસપાઠ ૧૩.

પાઠ લેવો to hear a lesson	વરસાદ વરસવો To rain
પાઠ આપવો to say a lesson	ઊંઘવું to sleep
ગાવું to sing	સૂવું to lie down

આખો all, the whole
ગામ a village
ભસવું to bark
ઘણું કરીને generally
પારકો, અજાણ્યો a stranger
વિષે about, of
કેરી a mango
ખાવું to eat
આંબો a mango tree
દરજી a tailor
સીવવું to sew (સો)

૧ આ બાયડી સીવેછે. ૨ આ છોકરાં રમેછે. ૩ તમે બોલોછો. ૪ તેઓ બોલેછે. ૫ હું ચોપડી વાંચુંછું. ૬ હું કોઈ વખતે વાંચુંછું. ૭ મહેતાજી પાઠ લેછે. ૮ છોકરા પોતાના (their) પાઠ બોલેછે. ૯ આપણે પાઠ બોલીએ છઈએ. ૧૦ આપણે રોજ પાઠ બોલીએ છઈએ. ૧૧ બાલારામ ગાયછે, મોતીરામ વાંચેછે અને અમથાલાલ રમેછે. ૧૨ અમથાલાલ આખો દિવસ રમેછે.* ૧૩ મહેતાજી રોજ નિશાળે જાયછે. ૧૪ આ, મહેતાજી (Look here, the—) નિશાળે જાયછે. ૧૫ ગામમાં કુતરા ભસેછે. ૧૬ તેઓ પોતાના પાઠ શીખેછે. ૧૭ કુતરા ઘણું કરીને અજાણ્યાને (at) ભસેછે. ૧૮ આ કુતરા અજાણ્યાને ભસેછે. ૧૯ હું તમારે વિષે બોલુંછું. ૨૦ વરસેછે (It is ...). ૨૧ મારો બાપ લખેછે. ૨૨ તે ઊંઘેછે. ૨૩ તે સુતોછે. ૨૪ અમે સુતા છઈએ. ૨૫ તમે સુતાછો. ૨૬ હું સુતોછું. ૨૭ તું સુતો છે. ૨૮ નિશાળીઆ નિશાળેથી (from school) ઘેર જાયછે. ૨૯ હું કેરી ખાઉંછું.

બોધપાઠ ૯.

સહ્યભેદ વિષે.

THE PASSIVE VOICE.

૫૬) અંગ્રેજી સકર્મક ક્રિયાપદના ભૂતકૃદંત આગળ to be લગાડે સહ્યભેદ (passive voice) થાયછે, જેમકે, Books are printed in Bombay મુંબઈમાં ચોપડીઓ છપાયછે.

---

* બોલતી વખતે અમથાલાલ રમતો ન હોય માટે ચાલુ રૂપ ન વપરાય.

૫૭) સહ્યભેદ વર્ત્તમાનકાળ.

એકવચન.	અનેકવચન.
I am expected	We are expected
Thou art expected	You are expected
He is expected	They are expected

ઉદાહરણ.

રાહ જોવી	To expect
મારી રાહ જોવાયછે	I am expected
તારી રાહ જોવાયછે	Thou art expected
તેની રાહ વગેરે	He is, etc.

૫૮) ઘણીખરી વખતે ભૂતકૃદંતનો અર્થ વિશેષણ કે વિશેષ ભૂતકૃદંત જેવો થાયછે, ત્યારે એ રૂપમાં સહ્યભેદનો અર્થ રહેતો નથી. જેમકે This book is printed=આ ચોપડી છાપેલીછે (છપાયછે એમ નહિ) એવું છતાં એને Passive Voice કહ્યાં કરેછે.

૫૯) અભ્યાસપાઠ ૧૪.

તાળું દેવું to lock
બોલાવવું to call
ઘાયલ થવું to be wounded
વખણાવું to be praised
મુંબઈની કેરી a Bombay mango
વહેંચવું, પહોંચાડવું to deliver
સવારે in the morning
બપોરે in the afternoon
સાંઝે in the evening
નહવડાવું to be bathed
ખરીદવું to purchase
પણ also
ધોળાવવું to whitewash
પત્થર a stone
ભીંત a wall
ઇંટ a brick
છત્રી an umbrella
ભાગવું to break
ઘડીઆળ a clock
અટકવું to stop
પડદો a curtain
ફાટી જવું to be torn
છાપરૂં a roof
છાવું to thatch

૧ તે પેટીને તાળું દેછે. ૨ પેટીને તાળું દીધેલું* છે. ૩ તે મને બોલાવેછે. ૪ મને બોલાવેછે (I am c—). ૫ હું ઘાયલ છું. ૬ તું ઘાયલ છે. ૭ મહેતાજી વખણાયછે. ૮ મુંબઈની કેરીઓ વખણાયછે. ૯ સારા નિશાળીઆ વખણાયછે. ૧૦ મારા અક્ષર (=દસ્કત, writing) સારા છે. ૧૧ મારા અક્ષર વખણાયછે. ૧૨ કાગળો સવારે વહેંચાયછે. ૧૩. મુંબઈના † કાગળ સવારે વહેંચાયછે. ૧૪ સૂરતમાં કાગળ બપોરે વહેંચાયછે. ૧૫ સૂરતના કાગળ સાંઝે વહેંચાયછે. ૧૬ મુંબઈમાં કાગળ સવારે, બપોરે તથા સાંઝે વહેંચાયછે. ૧૭ મારાં છોકરાંને રોજ નહવાડેછે (uso the passive voice). ૧૮ અમને રોજ નહવાડેછે (use the passive voice). ૧૯ આ ઘોડા ખરીદેલાછે. ૨૦ ગાય પણ ખરીદેલીછે. ૨૧ ભીંત ધોળેલીછે. ૨૨ પત્થરની ભીંત ધોળેલીછે. ૨૩ ઇંટનું ઘર ધોળેલુંછે. ૨૪ તેની છત્રી ભાગેલીછે. ૨૫ ઘડીઆળ અટકેલીછે. ૨૬ પડદો ફાટી ગયોછે. ૨૭ છાપરું છાએલુંછે.

બોધપાઠ ૧૦.

ભૂતકાળ.

THE PAST TENSE.

૯૦) ગુજરાતીમાં ભૂતકાળનું રૂપ અને ભૂતકૃદંત સરખાં હોયછે, તેમ અંગ્રેજીમાં પણ, કેટલાંએક અનિયમિત ક્રિયાપદ સિવાય, તે સરખાં છે; કેમકે બન્નેનો પ્રત્યય ed. થાયછે.

વર્ત્તમાનકાળ.	**ભૂતકાળ.**	**ભૂતકૃદંત.**
I walk	I walked	walked
I climb	I climbed	climbed

---

* અંક ૫૭ મું જુઓ.

† The Bombay letters, અંગ્રેજીમાં વિશેષણ (કે નામની છઠ્ઠી વિભક્તિ) ને બદલે નામ ઘણી વેળાએ વપરાયછે, જેમકે A stone wall; an iron ring.

૬૧) ભૂતકાળમાં એકવચનના બીજા પુરૂષે est પ્રત્યયનું સંક્ષેપ st આવેછે. આ વિના બધા પુરૂષનાં રૂપ સરખાં છે.

ભૂતકાળનાં રૂપ.

એકવચન.	અનેકવચન.
મેં બોલાવ્યો I called	અમે બોલાવ્યો We called
તેં બોલાવ્યો Thou calledst	તમે બોલાવ્યો You called
તેણે બોલાવ્યો He called	તેઓએ બોલાવ્યો They called

૬૨) ક્રિયાપદનો અંત્યાક્ષર e હોય તો ed પ્રત્યયનો e ઊડી જાયછે; જેમકે I love-d, he promise-d. તેમ est નો e ઊડી જાયછે, જેમકે Thou love-st, Thou seest.

૬૩) અભ્યાસપાઠ ૧૫.

વચન આપવું to promise	કેટલાક some
કલાક an hour	નળિયું a tile
મુસાફરી કરવી to travel*	અનાજ corn
ઘણું very much	ખાઈને રહેવું to live upon
બોલવું to talk	હસવું to laugh
સાહેબ a European gentleman	હમણા now
કાલે yesterday	તેમને them
મારવું (=મારી નાંખવું) to kill	વર્ષ a year
વાઘ a tiger	બચાવવું, જતન કરવું, રક્ષણ કરવું to preserve
સિંહ a lion	બે વાર twice
મુસાફર a traveller	

૧ તેણે વચન આપ્યું. ૨ તે રમી. ૩ તે ચાર કલાક રમ્યો. ૪ તેણે ઘણી મુસાફરી કરી. ૫ તે મારે વિષે બોલ્યો. ૬ તે હમણા બોલેછે. ૭ તે આખો દિવસ બોલેછે. ૮ તે આખો દિવસ બોલ્યો. ૯ આ સાહેબે કાલે વાઘને માર્યો. ૧૦ તે સાહેબે સિંહને કાલે માર્યો. ૧૧ હું ઘઉંના રોટલા

---

* ૧૧ મું ખંડક જુઓ.

૫ ખાઈને રહુંછું.૧૨ કેટલાંક નળિયાં ભાંગેલાંછે. ૧૩ આ ત્રણ મુસાફર
રોટલો ખાઈને જીવ્યા. ૧૪ તેઓ અંગ્રેજીમાં બોલ્યા. ૧૫ તું ગુજરાતી-
માં બોલેછે. ૧૬ તે ગુજરાતીમાં બોલ્યો. ૧૭ તું અંગ્રેજીમાં બોલ્યો.
૧૮ હું હસુંછું. ૧૯ તે હમણા હસેછે. ૨૦ તું હસેછે. ૨૧ તે હસ્યો.
૨૨ તું હસ્યો. ૨૩ તું સવારે કાગળ વહેંચેછે. ૨૪ હું હમણાજ તે વહેંચુંછું.
૧૦ ૨૫ તેણે બપોરે કાગળ વહેંચ્યા. ૨૬ તેં બપોરે કાગળ વહેંચ્યા. ૨૭ મારો
ઘોડો દશ વર્ષ જીવ્યો. ૨૮ તું જીવેછે. ૨૯ ઈશ્વર મારૂં જતન કરેછે.
૧૨ ૩૦ ઈશ્વરે તેઓનું જતન કીધું. ૩૧ મેં તેને બે વાર બોલાવ્યો.

બોધપાઠ ૧૧.

To be તથા To have ના ભૂતકાળનાં રૂપ.

THE PAST TENSES OF TO BE AND TO HAVE.

૬૪) To be તથા To have સહાયકારક (Auxiliary) પણ કહેવાયછે, કારણ કે તેમનાં જુદાં જુદાં રૂપની સહાયતાએ બીજાં ક્રિયાપદનાં અનેક રૂપ થાયછે. તેઓ અનિયમિત (Irregular) પણ કહેવાયછે, કેમકે તેમના ભૂતકાળ તથા ભૂતકૃદંત ed લગાડ્યાથી થતા નથી. તેમનાં ભૂતકાળે કેવાં રૂપ થાયછે તે નીચે બતાવ્યાંછે:—

૬૫) To be નો ભૂતકાળ.

એકવચન.	અનેકવચન.
હું હતો I was	અમે હતા We were
તું હતો Thou wast	તમે હતા You were
તે હતો He was	તેઓ હતા They were

૬૬) To have નો ભૂતકાળ.

એકવચન.	અનેકવચન.
મારી પાસે હતું I had	અમારી પાસે હતું We had
તારી પાસે હતું Thou hadst	તમારી પાસે હતું You had
તેની પાસે હતું He had	તેઓની પાસે હતું They had

૯૭) **ઉદાહરણ.**

મુસાફરનો ડગલો ફાટેલો હતો	The traveller had a torn coat.
આ છોકરાનો ચહેરો ફિક્કો છે	This boy has a pale face.

૯૮) **અભ્યાસપાઠ ૧૬.**

ઘેર at home	પ્રખ્યાત famous
કાલે yesterday	સુંદર beautiful
મારી સાથે with me	ભાગેલું broken
ગુસ્સે angry	પત્થરપાટી a slate
પણ but	ચીતારો a painter
ડાહ્યું prudent	દીકરી a daughter
ચાકર a servant	મીઠું sweet
બિચારો poor	કણિયો a corn-seller
આંધળું blind	કોઠાર a granary
આંધળો a blind man	બદન a vest
સગો a relative	બોરિયું a button
ફિક્કો pale	તપકીર snuff
ઘાણી a mill	સોડમ a smell
હવા weather	સીઢી stairs
રસોઈઓ a cook	પગથિયું a step
છત્રી an umbrella[a peon	બારી a window
સિપાઈ, પટાવાળો સિપાઈ	રસ્તો a road
પૈસા money	સાંકડું narrow
ઘણું much	

૧ હું ઘેર હતો. ૨ હું કાલે માંદો હતો. ૩ તે (she) મારી સાથે ગુસ્સે હતી. ૪ ગંગારામ વાડીમાં હતો અને બાલુભાઈ ઘરમાં હતો. ૫ કાલે મારી પાસે ચોપડી ન હતી (had no) પણ પાટી હતી. ૬ કાલે તમારી પાસે ચપ્પુ હતો. ૭ તે ડાહી છોડીઓ હતી. ૮ આ માણસ પાસે ઘણાં ઘેટાં હતાં. ૯ ઘરમાં મારી પાસે ચાકર ન હતો. ૧૦ મુસાફર પાસે ૫

એક લાંબી લાકડી હતી. ૧૧ તે બિચારા આંધળાને સગાં ન હતાં. ૧૨ અમારી પાસે ઘણા બળદ હતા. ૧૩ તારી પાસે કાલે પાટી હતી. ૧૪ તેનો ચહેરો ફિક્કો હતો. ૧૫ આંધળો બળદ ઘાણીમાં હતો. ૧૬ તે ગાય તથા ભેંસો હતી. ૧૭ ટોપલી ભરેલી હતી. ૧૮ તેઓની પાસે ખાલી ટોપલી હતી. ૧૯ ડુમસમાં અમને સારી હવા મળી (had). ૨૦ સોઈઆ પાસે એક મોટી છરી હતી અને પટાવાળા પાસે જૂની છત્રી હતી. ૨૧ મારા બાપ પાસે એક મોટું ઘર ને સુંદર વાડીઓ હતાં. ૨૨ મુસાફર પાસે ઘણો પૈસો હતો. ૨૩ તેની પત્થરપાટી ભાગેલી હતી. ૨૪ તારો ખડીઓ ભાગેલો હતો. ૨૫ તે પ્રખ્યાત ચીતારો હતો. ૨૬ મારો દીકરો તથા દીકરી ત્યાં હતાં. ૨૭ કેરીઓ મીઠી હતી. ૨૮ કણિયા કને કોઠારમાં ઘણો દાણો હતો. ૨૯ મારા બદનને છ ઓરિયાં હતાં. ૩૦ તપકીરની સોડમ નઠારી છે. ૩૧ સીંઢીને દશ પગથિયાં હતાં. ૩૨ મારૂં મોટું ઘર સૂરતમાં હતું. ૩૩ તેને સોળ બારીઓ હતી. ૩૪ સૂરતમાં અગાઉ રસ્તા સાંકડા હતા.

બોધપાઠ ૧૨.

ચાલુ ભૂતકાળ વિષે.

THE CONTINUOUS PAST TENSE.

૬૯) વર્તમાન કૃદંત તથા to be ના વર્તમાનકાળનાં રૂપથી ચાલુ વર્તમાન કાળ સાધિત થાયછે એવું આપણે જોયુંછે (૫૦ મું ખંડક જુઓ). એજ પ્રમાણે વર્તમાન કૃદંતને to be નાં ભૂતકાળ રૂપ લગાડયાથી ચાલુ ભૂતકાળ સાધિત થાયછે, જેમકે—

એકવચન.		અનેકવચન.	
હું લખતો હતો	I was writing	અમે વગેરે	We were writing
તું લખતો હતો	Thou wast writing	તમે ,,	You were writing
તે લખતો હતો	He was writing	તેઓ ,,	They were writing

જે સમય વિષે બોલાયછે તે સમયે ક્રિયા જારી હતી કે થતી હતી એવું ચાલુ ભૂતકાળ દર્શાવે છે.

૭૦) ઉદાહરણ.

તમે મને બોલાવ્યો ત્યારે હું વાડીમાં ફરતો હતો.	I was walking in the garden when you called me.
કાલે હું આવ્યો ત્યારે તમે લખતા હતા.	When I came yesterday you were writing.
હું લખવાના ઘણા કામમાં છું.	I am busy writing.

૭૧) અભ્યાસપાઠ ૧૭.

નાચવું to dance
જ્યારે when
ત્યારે then
નાસવું to run away
ઉઘાડવું to open
પિયાનો નામનું વાજું વગાડવું to play on a piano
ટપાલનો પટાવાળો a postman
બહાર out
મને મળવું to meet me
મને મળેછે I meet
મને મળ્યું I met
બુમ પાડવી to cry out, to shout
કારણ કે because
સઈ a tailor
પડશાળ,આગલી પડાળી a verandah
બિલાડી a cat
બિલાડીનું બચ્ચું a kitten
છેતરવું to cheat, deceive
ઘણા કામમાં હોવું to be busy
પાણી ભરવું to fetch water
આ વખતે at this time
દોહવું to milk
ધોવું to wash
તાપ heat
લીધે on account of
ચીમળાવું to wither
જોયું saw
રસોઈ કરવી to cook
આપણી પછવાડે behind us
પછવાડે આવવું-જવું to follow
પહોંચવું to arrive
તારૂં thy, your
દરવાજા આગળ before a door
નીકળવું to come અથવા go out
નીકળ્યું came out, went out

તેનું (નર) his

તેનું (નારી) her

વરસેછે it rains, is raining

દશ વાગેછે it strikes ten

ઊકળવું to boil

હિસાબ કરવા to do sums

૧ જ્યારે હું આવ્યો (ત્યારે) તમે નાચતા હતા. ૨ તમે જ્યારે આવ્યા (ત્યારે) હું નાસતો હતો. ૩ જ્યારે તમે મને બોલાવ્યો (ત્યારે) હું લખતો હતો. ૪ તું આવ્યો ત્યારે હું દરવાજો ઊઘાડતો હતો. ૫ તું બેઠો (sattest down) ત્યારે હું પેટીને કૂંચી દેતો હતો. ૬ હું ગાતો હતો, તું વાંચતો હતો અને તારો ભાઈ વાજિત્ર વગાડતો હતો. ૭ ટપાલનો પટાવાળો આવ્યો ત્યારે હું બહાર જતો હતો. ૮ અમે નિશાળે જતા હતા ત્યારે અમને અમારી (our) બહેનો મળી. ૯ મેં બૂમ પાડી, કારણ કે તું મને દુઃખ દેતો હતો. ૧૦ હું બહાર ગયો (went) ત્યારે સઈ પડશાળમાં સીવતો હતો. ૧૧ મારી બહેનો બિલાડી તથા તેનાં બચ્ચાં સાથે (with) રમતી હતી. ૧૨ હમણા વરસાદ વરસેછે અને કાલે આ વખતે વરસાદ વરસતો હતો. ૧૩ તેઓ અમને છેતરતા હતા. ૧૪ હું લખવાના ઘણા કામમાં છું. ૧૫ તું વાંચવાના ઘણા કામમાં હતો. ૧૬ છોકરી પાણી ભરવાના ઘણા કામમાં પડી હતી. ૧૭ તે (she) ગાય દોહતી હતી અને તેની બહેન લૂગડાં ધોતી હતી. ૧૮ તાપને લીધે ફૂલો ચીમળાતાં હતાં. ૧૯ મેં જોયું કે તે રસોઈ કરતી હતી. ૨૦ આપણી પછવાડે તેઓ આવતા હતા. ૨૧ હું આવ્યો ત્યારે તારા દરવાજા આગળ છ માણસ બેઠેલાં હતાં. ૨૨ તું બહાર નીકળ્યો ત્યારે દશ વાગતા હતા. ૨૩ પાણી ઊકળતું હતું ૨૪ તમે બોલતા હતા. ૨૫ અમે હિસાબ કરતા હતા.

બોધપાઠ ૧૩.

પૂર્ણ વર્ત્તમાનકાળ તથા અનિયમિત ક્રિયાપદો વિષે.

THE PERFECT PRESENT TENSE AND THE IRREGULAR VERBS.

૭૨) ભૂતકૃદંત સાથે સહાયકારક ક્રિયાપદ to have ના વર્ત્તમાનકાળનાં રૂપ લગાડયાથી જેને The perfect present Tense (પૂર્ણ વર્ત્તમાનકાળ) કહેછે, એવું રૂપ સાધિત થાયછે, જેમકે—

એકવચન.		અનેકવચન.	
I have Thou hast He has	written a letter	We have You have They have	written a letter

અર્થ—મેં કાગળ લખ્યોછે, તેં કાગળ લખ્યોછે, વગેરે.

૭૩) ed પ્રત્યય લગાડવાથી અંગ્રેજી ક્રિયાપદના ભૂતકાળ તથા ભૂતકૃદંત બનેછે, એવું આપણે શીખ્યા (ખંડક ૫૯ જુઓ), પણ ed નથી લાગતાં એવાં પણ ક્રિયાપદ છે, તેઓને અનિયમિત ક્રિયાપદ (The Irregular Verbs) કહેછે, અને જેઓને ed લાગેછે તેઓને નિયમિત ક્રિયાપદ (The Regular Verbs) કહેછે.

અનિયમિત ક્રિયાપદનાં રૂપ શીખવાની ઘણી જરૂર છે, માટે તેમાંનાં કેટલાંકનાં રૂપ આપતા જઇશું.

ત્રણે રૂપે સરખાં રહેછે એવાં જે ૧૯ અનિયમિત ક્રિયાપદ થાયછે તેઓ નીચલા અભ્યાસપાઠને મથાળે લખ્યાંછે તે મોઢે કરવાં જોઇએ.

૭૪) **ઉદાહરણ.**

હું કાપુંછું I cut	તમે મને દુઃખ દોછો You hurt me
મેં કાપ્યું I cut	મેં તમને દુઃખ દીધુંછે I have hurt you
મેં કાપ્યુંછે I have cut	આ ચોપડીનો મને એક રૂપિઓ બેઠો This book cost me one rupee

૭૫) To read ની જોડણી બદલાતી નથી ખરી, પણ ભૂતકાળ તથા ભૂતકૃદંતનો ઉચ્ચાર વર્તમાનકાળ કરતાં જુદો થાયછે, જેમકે, હું વાંચુંછું I read (રીડ), મેં વાંચ્યું, I read [રેડ], મેં વાંચ્યુંછે I have read [રેડ]

૭૬) **અભ્યાસપાઠ ૧૮.**

ત્રણે રૂપે સરખાં રહેછે એવાં અનિયમિત ક્રિયાપદ.

ફૂટવું to burst	દૂર કરવું to rid
નાંખવું to cast	મેલવું to set
પૈસા બેસવા to cost	પાડવું to shed

કાપવું to cut	ભાળવું to shred
વાગવું to hit	બંધ કરવું to shut
દુઃખ દેવું to hurt	ચીરવું to slit
રજા આપવી, દેવું to let	ફાડવું to split
મૂકવું to put	પાથરવું to spread
વાંચવું to read	પરસેવો થવો to sweat

ઘાલવું, ઘોંચવું to thrust

પરપોટો a bubble	ખારવો a sailor
ગજવું a pocket	દોરડું a rope
જમીન the ground	તેણીએ she
તેનું પોતાનું his (નર), her (નારી), their (અનેકવચન)	શાક vegetables
	સારૂ for
પર on	સૂઈ જવું to go to bed
નદી a river	જવાની રજા આપવી to let go
કૂવો a well	છ વાગે at six o'clock
પથારી a bed	લાકડાં sticks, firewood
સીસી a bottle	બીજું other
અર્ધો રૂપિઓ half a rupee.	ઢોલ a drum

૧ મેં મારી પાટી ભાગીછે. ૨ તેણે દરવાજો બંધ કર્યોછે. ૩ તમે દરવાજો બંધ કરતા હતા. ૪ મને પરસેવો થાયછે. ૫ કાલે મને પરસેવો થયો. ૬ મને તમે દુઃખ દીધુંછે. ૭ પરપોટો ફૂટ્યો. ૮ મારા ગજવામાં તેણે પોતાનો હાથ ઘાલ્યો. ૯ મારા હાથમાં તેણે કલમ ઘોંચીછે. ૧૦ તેણે મારી લાકડી ચીરી. ૧૧ તેં ખુરશી જમીન પર મેલીછે. ૧૨ તમે નદીમાં પત્થર નાંખ્યોછે. ૧૩ કાલે કૂવામાં એક છોકરાએ ઇંટ નાંખી. ૧૪ તે પોતાની પથારી પાથરેછે. ૧૫ તેણે પોતાની પથારી પાથરીછે. ૧૬ સીસી ફૂટી. ૧૭ ખારવાએ દોરડું કાપ્યું. ૧૮ ઇંટ મને વાગી. ૧૯ ઇંટ તેને (him) વાગીછે. ૨૦ ખુરશી પર મેં ચોપડી મૂકી. ૨૧ તેણીએ (she) પોતાની (her) આંગળી કાપીછે. ૨૨ મારા કાકા સારૂ

હું શાક ભોળુંછું. ૨૩ કાલે મેં શાક *ભોળ્યું હતું. ૨૪ હું સૂઈ જાઉંછું. ૨૫ મારી માએ મને આઠ વાગે સૂઈ જવાની રજા આપી. ૨૬ કાલે તે લાકડાં ફાડતો હતો. ૨૭ આજે તેણે બીજાં લાકડાં ફાડયાંછે. ૨૮ આ ચોપડીના મને બે રૂપિઆ બેઠા. ૨૯ આ પત્થરપાટીના મને
ચાર આના બેઠા. ૩૦ તેના ચપ્પુનો અર્ધો રૂપિઓ બેઠો. ૩૧ આ ૧૫
પાઘડી લલુએ કાપી. ૩૨ કાશીએ નાનાં વાસણ જમનીના મોં
આગળ મૂક્યાં. ૩૩ એક જણ તો ઢોલ વગાડેછે. ૧૭

બોધપાઠ ૧૪.

બીજાં અનિયમિત ક્રિયાપદ વિષે.

OTHER IRREGULAR VERBS.

૭૭) સામાન્ય રૂપ (The Infinitive Mood.)

	ભૂતકાળ.	ભૂતકૃદંત.
લેવું to take	took	taken
હાલવું, હલાવવું to shake	shook	shaken
તજવું to forsake	forsook	forsaken
ભૂલથી ગણવું, ભૂલથી જાણવું to mistake	mistook	mistaken
ફોડવું to break	broke	broken
ખમવું, લઈ જવું to bear	bore	borne
ફાડવું to tear	tore	torn
પહેરવું to wear	wore	worn
ઊભું રહેવું to stand	stood	stood
લોહી નીકળવું to bleed	bled	bled
ખવડાવવું to feed	fed	fed
ખોદવું to dig	dug	dug
દોરવું to lead	led	led
વેચાતું લેવું to buy	bought	bought

* સૂચના—ગૂજરાતીમાં 'ભોળ્યું હતું' એ પૂર્વ ભૂતકાળનું રૂપ છે, પણ તે રૂપની સાથે કોઈ 'અમુક કાળ સૂચક' શબ્દ આવે તો અંગ્રેજીમાં પૂર્વ ભૂતકાળને બદલે 'ભૂતકાળનું' રૂપજ વાપરવું.

૭૮) ઉદાહરણ.

મારી આંગળીમાંથી લોહી નીકળેછે.	My finger is bleeding
તેણે મને (ભૂલથી) બીજો છોકરો જાણ્યો.	He mistook me for another boy.

૭૯) અભ્યાસપાઠ ૧૯.

પોતાનું બધું all his	બીજું another
મિત્ર a friend	ડગલો a coat
માંથી બહાર out of	દિવસ a day
જોરથી violently	વાંદરો a monkey
પોતાનું his	કાગળ a paper
શરીર the body	ઝૂંટાવી લેવું to snatch
રોટલો a loaf	કકડેકકડા કરવું to tear to pieces, to break to pieces
ભાઈ a brother	કોણ who
માંથી out of	આપણું our
ગઈ રાત્રે last night	બારી a window
ભૂલ્યો mistaken	આવું such
સર્વ all	હાથનું મોજું a glove
પ્યાલું a cup, bowl	પહેરાયછે is worn
કાકાનું છોકરૂં a cousin	હાલ now, at present
દરદ pain	અહિંઆં here
ભલું (ક્રિયાવિશેષણ) well	ઘોડાવાળો a groom
લૂગડું a dress	છીંટ chintz
બાંધ shoulders	તરફ towards
રાતમાં during the night	ઘણું copiously
લઈ લેવું to take away	

ફરવા જવું to take a walk

૧ તેણે પોતાના બધા મિત્રોને તજ્યા. ૨ કુતરો પાણીમાંથી બહાર આવ્યો અને જોરથી પોતાનું શરીર હલાવ્યું. ૩ તેણે આખો રોટલો લીધો. ૪ મારા મિત્રે (ભૂલથી) મને મારો ભાઈ જાણ્યો.

૫ ગઈ રાત્રે પેટીમાંથી (કોઇએ) પૈસા લઈ લીધા. ૬ તે ભૂલ્યો હતો. ૭ તું ભૂલ્યોછે. ૮ ધરતી જોરથી હાલી. ૯ છોકરો ભૂલ્યો હતો. ૧૦ મારા સર્વ મિત્રોએ મને તજ્યોછે. ૧૧ મારા સર્વ મિત્રોથી (by) હું તજાયલોછું. ૧૨ બિલાડીએ પ્યાલું ફોડયું. ૧૩ મારા કાકાના છોકરાએ દરદ ભલું સહ્યું. ૧૪ કાલે આ લૂગડું મેં પહેર્યું. ૧૫ તમે આવ્યા ત્યારે હું બીજું પહેરતી હતી. ૧૬ આ ડગલો મેં ત્રણ દિવસ પહેર્યોછે. ૧૭ વાંદરે કાગળ ઝૂંટાવી લીધો અને તેના(it) કકડે કકડા કર્યા. ૧૮ મેજ ભાગી હતી. ૧૯ મેં લાકડી લીધી ને તેને(it)ભાગી. ૨૦ આપણી બારીઓ કોણે ભાગી? ૨૧ આવાં હાથનાં મોજાં હાલ પહેરવામાં આવતાં નથી (are not). ૨૨ આવી ટોપી હાલ પહેરવામાં આવેછે. ૨૩ તું વાડીમાં ખોદતો હતો. ૨૪ તેઓએ આખી વાડી ખોદીછે. ૨૫ ચાકરે કૂતરાને ખવડાવ્યુંછે. ૨૬ કાલે તમે અહિંઆ ઊભા હતા. ૨૭ ઘોડાવાળો ઘોડો દોરેછે. ૨૮ ઘોડાવાળાએ ઘોડો નદી તરફ દોર્યો. ૨૯ રાતમાં મારી આંગળીમાંથી ઘણું લોહી નીકળ્યું. ૩૦ સવારે (This morning) અમે ફરવા ગયા (હતા). ૩૧ તે બે ભાઇઓ પોતાનાં ઘરડાં માબાપને ખાંધ પર લઇ ગયા. ૩૨ પછી મારા બાપે ચાર વાર (of) છીંટ વેચાતી લીધી. ૩૩ તે બિચારાનું લોહી બહુ વહી ગયું. ૩૪ શિયાળામાં ટાઢને લીધે લોક ગરમ લૂગડાં પહેરેછે.

બોધપાઠ ૧૫.

બીજાં અનિયમિત ક્રિયાપદ વિષે.

OTHER IRREGULAR VERBS.

૮૦) સામાન્યરૂપ.	ભુતકાળ.	ભૂતકૃદંત.
ખાવું to eat (ઇટ)	ate, eat [એટ]	eaten (ઇટન)
માર મારવો, મારવું to beat (બીટ)	beat [બીટ]	beaten (બીટન)
આરંભવું to begin	began	begun
ગાવું to sing	sang	sung
કરવું to do	did	done

સામાન્યરૂપ.	ભૂતકાળ.	ભૂતકૃદંત.
જણવું to bear	bore	born
જવું to go	went	gone
દોડવું to run	ran	run

(૯૧) ઉદાહરણ.

તે લખવા માંડેછે	He begins to write.
તમે શિક્ષકને મળવા નિશાળે ગયા (હતા)	You went to school to see the teacher.
મારો ભાઈ વાંચતાં શીખેછે.	My brother is learning to read
હું જુલાઇની એકવીસમી તારીખે જન્મ્યો (હતો)	I was born on the twenty-first of July

(૯૨) અભ્યાસપાઠ ૨૦.

તોબરો a nose-bag
ચણા gram
થોડો રોટલો some bread
મા a mother
ચોરવું to steal
જુવાન young
સુધરવું to improve
પૈસાની થેલી a purse
પગે on the leg
પેલું that
ગીત a song, a hymn
ખાવાની રૂચિ appetite
ઘણું much, a great deal
સહુથી નાનું least, youngest
આજ to-day
બજારે to market
બાળક a baby, an infant
સત્તાવીસમું the twenty-seventh
પાડોશી a neighbour
ઉતાવળથી quickly
હુકમ a command
ઈશ્વરનું God's
ધણી a husband
તાવ આવવો to take fever
પચીસમું the twenty-fifth
નાતાલ Christmas
નહાવું to bathe

૧ ઘોડો તોબરામાંથી ચણા ખાયછે. ૨ ઘોડો બધું ઘાસ ખાઈ ગયોછે. ૩ ગાયે મારા ભાઈના હાથ (brother's hand) માંથી થોડો રોટલો ખાધોછે. ૪ તે ખરાબ છોકરો છે અને તેની મા તેને મારેછે. ૫ કાલે તેના બાપે મારા નાના ભાઇને માર્યો. ૬ તું કેરી ચોરતો હતો. ૭ અમે કેરી ખાતા હતા. ૮ તે નિશાળે ગયો. ૯ મારો જુવાન મિત્ર નિશાળે ગયોછે. ૧૦ તે લખવા માંડેછે. ૧૧ હવા ગરમ થવા લાગીછે. ૧૨ તે સુધરવા લાગ્યો. ૧૩ મારી દીકરીએ પૈસાની થેલી ગુંથવા માંડીછે. ૧૪ કુતરો મને પગે કરડચો. ૧૫ હું આવ્યો ત્યારે બાળકો ગીત ગાતાં હતાં. ૧૬ પેલું ગીત તમે બરોબર ગાયું. ૧૭ મેં ત્રણ ગીત ગાયાંછે. ૧૮ મને ખાવાની રૂચિ સારી છે. ૧૯ મેં ઘણું ખાધુંછે. ૨૦ આ બાયડીનો સહુથી નાનો છોકરો બોલવા લાગ્યોછે. ૨૧ તે (it) મેં કર્યું. ૨૨ આજ તમે ઘણું કર્યુંછે. ૨૩ તે રોજ બજારે જાયછે. ૨૪ મારા કાકાનો દીકરો મુંબઈ (to B.) ગયોછે. ૨૫ તે ડીસેંબરની એકવીસમી તારીખે જન્મ્યો હતો. ૨૬ આ બાળક આગસ્ટની સત્તાવીસમીએ જન્મ્યું હતું. ૨૭ બધા પાડોશી બહાર જોવા ગયા. ૨૮ તું દોડેછે. ૨૯ તેઓ દોડેછે. ૩૦ અમે ઉતાવળથી દોડચા. ૩૧ ઈશ્વર આપણને(us) ખવડાવેછે. ૩૨ આપણે ઈશ્વરના હુકમ તોડચાછે. ૩૩ માણસોએ ઈશ્વરને છોડી દીધો. ૩૪ પણ ઈશ્વરે માણસોને તજી દીધા નથી (has not). ૩૫ મારા ધણીને સુરતમાં તાવ આવ્યો. ૩૬ તું માર્ચની પચીસમીએ જન્મ્યો હતો. ૩૭ તે નદીએ નહાવા ગયોછે.

બોધપાઠ ૧૯.

બીજાં અનિયમિત ક્રિયાપદ તથા ભવિષ્યકાળ.

OTHER IRREGULAR VERBS AND THE FUTURE TENSE.

૮૩) સામાન્યરૂપ.	ભૂતકાળ.	ભૂતકૃદંત.
કુકરેકુક કરવું to crow	crew	crowed, crown
વાવું to blow	blew	blown

સામાન્યરૂપ.	ભુતકાળ.	ભુતકૃદંત.
જાણવું, to know	knew	known
વધવું, મોટા થવું to grow	grew	grown
જાગવું, જગાડવું to awake	awoke	awaked
આવવું to come	came	come
થવું to become	became	become
ઝાલી રાખવું to hold	held	held
બનાવવું to make	made	made
પૈસા આપવા to pay	paid	paid

૮૪) ભવિષ્યકાળનાં રૂપ will તથા shall ની સહાયતાથી થાયછે.

એકવચન.	અનેકવચન.
હું જઈશ I shall go	અમે જઈશું We shall go
તું જઈશ Thou wilt go	તમે જશો You will go
તે જશે He will go	તેઓ જશે They will go

૮૫) અભ્યાસપાઠ ૨૧.

મૂરઘો a cock
ઘડીયાળ (મોટું) a clock,
(નાનું) a watch
જેવું to look at
ફૂલનું ઝાડ a flower. plant
તસુ, ઈંચ an inch
ભયંકાર રીતે terribly
ઓળખવું to know
ગયે વરસે last year
નિમાળા hair (એકવચન)
હજામ a barber
બહુ very
ઉંદરડી a mouse
છ વાગે at six o'clock
વા the wind
થોડાં a few
વિચારવંત thoughtful
ગંભીર serious
આજસવારે this morning
ખીજવવું to make angry
ઝાલવું to seize
ઘોડાવાળો a groom
કેટલાંએક several
તુરંગ a jail, a gaol

જલદી fast
ચાલેછે goes
દુધ milk
વૈદ a doctor
ધૂણાવવું to shake, to nod
ચોતરફ round
ઘડીઆળનો બૂરજ a clock-tower
સડક a made-road
ટટ્ટુ, a pony, a nag
બેસવું (ઘોડે) to ride
નોતરૂં દેવું to invite

૧ મૂરઘો કુકરેકુક કરેછે. ૨ મૂરઘો બોલ્યો ત્યારે મેં મારી ઘડીઆળમાં જોયું. ૩ ફૂલનું ઝાડ ચાર તસુ વધ્યુંછે. ૪ ગઈ રાતે વા ભયંકાર રીતે વાયો. ૫ જ્યારે તે મને મળ્યો, (ત્યારે) મેં તેને ઓળખ્યો. ૬ મેં જાણ્યું. ૭ ગયે વરસે મેં તમને ઓળખ્યા. ૮ મને નિમાળા બહુ જલદી વધેછે. ૯ હજામે મારા નિમાળા કાપ્યાછે. ૧૦ દિવસો લાંબા થાયછે. ૧૧ મારી બહેન કદમાં ઘણી વધીછે. ૧૨ તે મોટો થયો ત્યારે સુધર્યો. ૧૩ તેઓએ થોડો રોટલો ખાધો અને થોડું દૂધ પીધું. ૧૪ વૈદે પોતાનું માથું ધૂણાવ્યું. ૧૫ કોટડીની ચોતરફ ઉંદરડી દોડી. ૧૬ હું છ વાગે જાગ્યો. ૧૭ હું વાથી જાગ્યો હતો (use the passive voice). ૧૮ હું આવ્યોછું. ૧૯ તે થોડા દિવસમાં વિચારવંત તથા ગંભીર થઈછે. ૨૦ આજે સવારે મેં મારા બાપને ખીજવ્યો. ૨૧ તેણે કૂતરાને ઝાલ્યો. ૨૨ ઘોડાવાળાએ ઘોડાને એક કલાક થયાં ઝાલી રાખ્યોછે. ૨૩ કેટલાંએક વરસ થયાં (for) મેં આ સાહેબને ઓળખ્યા છે. ૨૪ આજ હું ગામમાં હોઈશ. ૨૫ કાલે અમે કાગળ લખીશું. ૨૬ કાલે તે મને ચોપડી આપશે. ૨૭ હું પરશોત્તમને (to) ચોપડી આપીશ. ૨૮ અમદાવાદમાં તમે તુરંગ જોશો. ૨૯ સૂરતમાં તેઓ નવો ઘડીઆળનો બૂરજ જોશે. ૩૦ તમારી ઘડીઆળ સારી ચાલેછે. ૩૧ હું છ વાગે ઘેર હોઈશ. ૩૨ હું આજ વાડીમાં ફરીશ. ૩૩ આજ તું નવી સડક જોવા જશે. ૩૪ આવો, બેન આવો, મારી જોડે તમને બહાર તેડી જઈશ ને પૈસો આપીશ. ૩૫ ના, તું આપણા ટટ્ટુ પર બેસજે. ૩૬ તારા આવ્યા પછી હું છગનને નોતરૂં દેવા જઈશ.

બોધપાઠ ૧૭.

બીજાં અનિયમિત ક્રિયાપદ તથા પુર્વ ભૂતકાળ અને પુર્વ ભવિષ્યકાળ.

OTHER IRREGULAR VERBS, THE PLUPERFECT TENSE, AND THE PERFECT FUTURE TENSE.

૮૬) સામાન્યરૂપ.	ભૂતકાળ.	ભૂતકૃદંત.
બાંધવું to bind	bound	bound
જડવું to find	found	found
દળવું to grind	ground	ground
આલવું to give	gave	given
બોલવું to speak	spoke	spoken
ફરમાવવું to bid	bade (બાડ)	bidden
વારવું to forbid	forbade	forbidden
ઠપકો દેવો to chide	chid	chidden
સંતાડવું to hide	hid	hidden
લપસવું to slide	slid	slidden
કરડવું to bite	bit	bitten

૮૭) ભૂતકાળમાં અમુક સમય પહેલાં કોઈ ક્રિયા થઈ ચૂકી હતી એ જણાવવાને ક્રિયાપદનાં જે રૂપ થાયછે તેને પૂર્વ ભૂતકાળ (the Pluperfect Tense) કહેછે.

હું બોલ્યો હતો I had spoken	અમે બોલ્યા હતા We had spoken
તું બોલ્યો હતો Thou hadst spoken	તમે બોલ્યા હતા You had spoken
તે બોલ્યો હતો He had spoken	તેઓ બોલ્યા હતા They had spoken

૮૮) તેમ ભવિષ્યકાળમાં અમુક સમય પહેલાં કોઈ ક્રિયા થઈ રહેશે એ જણાવવાને ક્રિયાપદનાં જે રૂપ થાયછે તેને પૂર્વભવિષ્યકાળ (The Perfect Future Tense) કહેછે.

I shall have spoken	We shall have spoken
Thou wilt have spoken	You will have spoken
He will have spoken	They will have spoken

અર્થ.—હું બોલી ચુક્યો હોઇશ, તું બોલી ચુક્યો હોઇશ, વગેરે.

(૮૯) ઉદાહરણ.

એક વાગે મેં ખાણું ખાધું હતું. At one o'clock I had eaten my dinner.

હું આવ્યો ત્યારે ચોરોએ તેના હાથ પગ બાંધ્યા હતા. When I came the robbers had bound him hand and foot.

અમે પહોંચીશું ત્યાર પહેલાં તે પોતાનું કામ પૂરૂં કરી રહેશે, અથવા અમે પહોંચ્યા પહેલાં તેણે પોતાનું કામ પૂરૂં કરયું હશે. He will have finished his work before we arrive.

(૯૦) અભ્યાસપાઠ ૨૨.

મને જડેછે I find
કૂંચી a key
રૂમાલ a handkerchief
સસલો a rabbit
કેમકે because
મગર an alligator
ડોશી an old woman
થોડા પૈસા a little money
તારૂં thy
બરફ ice
ઉપર upon
થોડાજ only, a little
લશ્કર an army
આવી પહોંચવું to come up, to reach
શત્રુ an enemy
આજારી, માંદો a patient
મરી જવું to die
અભ્યાસપાઠ an exercise
ભાષા a language
સાંઝ પહેલાં before evening
બાજરી millet
કીમત આપવી to pay for
ઘડીઆળને કૂંચી આપવી to wind up a watch, clock
પાડવું to fell, to cut down
ઘડીઆળમાં વાગેછે, the clock strikes, it strikes by the clock

૧ એક કૂંચી મને જડી. ૨ તારો રૂમાલ મને જડ્યોછે. ૩ તેને મારો ચપ્પુ જડ્યોછે. ૪ કૂતરાએ સસલાને માર્યો હતો. ૫ તમે આવ્યા પહેલાં તેણે ચોપડી આપી હતી. ૬ મેં એને ફરમાવ્યું. ૭ તે બહાર ગયા પહેલાં મેં એને ફરમાવ્યું હતું. ૮ મારા કાકાએ મને ઠપકો દીધો, કેમકે મેં કામ પૂરૂં કર્યું નહોતું. ૯ તું બોલ્યો. ૧૦ તેણે રૂમાલ સંતાડ્યો. ૧૧ મગર તેને કરડ્યો. ૧૨ ડોશીને અમે થોડા પૈસા આપ્યા. ૧૩ મેં તારા ભાઈને ચોપડી આપીછે. ૧૪ મારા કાકાએ તને નવી ઘડીઆળ આપીછે. ૧૫ બરફ ઉપર હું લપશી ગયો. ૧૬ ડોશીએ ગહું દળ્યાંછે. ૧૭ તેણે થોડાજ પૈસા લીધા. ૧૮ મારો બાપ ઘેર આવ્યો તે પહેલાં મારી બહેને ગાય દોહી હતી. ૧૯ પાંચ વાગે પ્રેમબાઈએ ગાય દોહી હતી. ૨૦ લશ્કર આવી પહોંચ્યું ત્યાર પહેલાં શત્રુ નાશી ગયો હતો. ૨૧ વૈદ આવ્યા પહેલાં માંદો મરી ગયેલો હતો.* ૨૨ કાગળ પહોંચ્યા પહેલાં તે મરી જશે. ૨૩ સાત વાગે હું મારો પાઠ શીખ્યો હતો. ૨૪ બાર વાગ્યા પહેલાં હું મારો અભ્યાસપાઠ લખી રહીશ. ૨૫ જ્યારે હું અંગ્રેજી શીખી રહીશ, ત્યારે હું ત્રણ ભાષા શીખી રહીશ. ૨૬ સાંઝ પહેલાં તે બાજરી દળી રહેશે. ૨૭ મેં ઘોડાની કીમત આપી હતી. ૨૮ મેં કૂંચી આપ્યા પહેલાં ઘડીઆળ અટકી હતી. ૨૯ આપણે આવી પહોંચ્યા પહેલાં મજૂર ઝાડ પાડી રહેશે. ૩૦ આપણે બહાર ગયા ત્યારે ઘડીઆળમાં દશ વાગ્યા હતા.

---

* Die ક્રિયાપદ (મરી જવું) સહાયકારક to have સ્વીકારેછે, જેમ My brother has died મારો ભાઈ મરી ગયો. Dead તો વિશેષણ છે અને to be સાથે વપરાયછે, જેમકે My brother is dead. મારો ભાઈ મરી ગયેલોછે, એટલે તે જીવતો નથી.

બોધપાઠ ૧૮.

બીજાં અનિયમિત ક્રિયાપદ અને To do નાં રૂપ તથા ઉપયોગ.

OTHER IRREGULAR VERBS AND THE FORMS AND USE OF TO DO.

૯૧) સામાન્યરૂપ.	ભૂતકાળ.	ભૂતકૃદંત.
વાપરવા આપવું, ઉછીનું આપવું to lend	lent	lent
વળવું, વાળવું to bend	bent	bent
ફાડવું to rend	rent	rent
મોકલવું to send	sent	sent
બાંધવું to build	built	built
લાવવું, તેડી લાવવું to bring	brought	brought
ઝીલવું, ઝાલવું to catch	caught	caught
લડવું to fight	fought	fought
શોધવું to seek	sought	sought
શીખવવું to teach	taught	taught
કરવું to do	did	done

૯૨) To do નો વર્તમાનકાળ.

એકવચન.	અનેકવચન.
હું કરૂંછું I do	અમે કરીએ છઈએ We do
તું કરેછે Thou dost	તમે કરોછો You do
તે કરેછે He does	તેઓ કરેછે They do

૯૩) To do એ સકર્મક મુખ્ય ક્રિયાપદ અને વળી સહાયકારક ક્રિયાપદ છે. સકર્મક હોયછે ત્યારે to do નો અર્થ (કામ) કરવું થાયછે, જેમકે તે પોતાના અભ્યાસપાઠ સારા કરેછે He does his exercises well

સહાયકારક થાયછે ત્યારે to do સવાલ પૂછવાના અને નકાર કરવાના કામમાં આવેછે. જેમકે, શું તે સારૂં લખેછે ? Does he write well ? તે સારૂં લખતો નથી He does not write well.

૯૪) પ્રશ્નાર્થ (Interrogative)વર્ત્તમાનકાળ.

એકવચન.	અનેકવચન.
Do I write?	Do we write?
Dost thou write?	Do you write?
Does he write?	Do they write?

અર્થ.—શું હું લખુંછું ? શું તું લખેછે ? વગેરે.

૯૫) નિષેધાર્થક (negative) વર્ત્તમાનકાળ.

એકવચન.	અનેકવચન.
I do not write	We do not write
Thou dost not write	You do not write
He does not write	They do not write

અર્થ.—હું લખતો નથી, તું લખતો નથી, વગેરે.

૯૬) **અભ્યાસપાઠ ૨૩.**

કુહાડો a hatchet, an axe	અભ્યાસપાઠ an exercise
લુહાર a blacksmith	નહિ no
લોઢું iron	ત્રીજે ત્રીજે દિવસે every other day
લોઢાની સળી an iron rod	કપ્તાન a captain
સુંદર handsome	થી from
ભેટ a present	શિકારી કુતરો a hound
તબેલા a stable	દડો a ball
પાણીની નળી a water-pipe	રહેવું to live
ત્રીજે વરસે three years ago	ખાંડ sugar
રોજ every day	પૂરૂં થવું to be done, finished

૧ મેં તેને કુહાડો વાપરવા આપ્યો. ૨ લુહારે લોઢું વાળ્યું. ૩ આ ખરાબ છોકરાએ લોઢાની સળી વાળીછે. ૪ તેણે મને સુંદર ભેટ મોકલીછે. ૫ છ વાગે મારી માએ મારા ભાઇને તથા મારી બહેનને નિશાળે મોકલ્યાં. ૬ તમે ચોપડી વેચોછો? ૭ હું જાણતો નથી. ૮ તેણે સારા તબેલા

બાંધ્યાછે. ૯ હું બટાટા લાવ્યોછું. ૧૦ તેણે પોતાનાં લૂગડાં ફાડયાંછે. ૧૧ પાણીની નળી ફૂટી ગયેલીછે. ૧૨ મેં મારૂં ઘર ત્રીજે વરસે બાંધ્યું. ૧૩ અમે પોતાના પાઠ કરીએ છઈએ. ૧૪ તમે રોજ એક અભ્યાસપાઠ કરોછો અને હું બે કરૂંછું. ૧૫ શું તેઓ રોજ બે અભ્યાસપાઠ કરેછે? ૧૩ નહિ તેઓ ત્રીજે ત્રીજે દિવસે એક કરેછે. ૧૭ બાપા, ભાઈએ મને ચાર રૂપિઆ ઉછીના આપ્યા. ૧૮ કપ્તાન રોબિન્સન ઇંગ્લાંડથી શિકારી કૂતરો લાવ્યો. ૧૯ મેં દડો ઝીલ્યો. ૨૦ બિલાડીએ ઊંદર ઝાલ્યોછે. ૨૧ વાથી ઝાડ વળેલુંછે. ૨૨ મેં એને અંગ્રેજી શીખવ્યુંછે. ૨૩ તેઓ ઘણા (very much) લડયા. ૨૪ હું લડતો નથી. ૨૫ શું તમે લડોછો? ૨૬ આજ સવારે મેં એક અભ્યાસપાઠ કર્યોછે. ૨૭ શું તમે અમદાવાદમાં રહોછો? ૨૮ હું અમદાવાદમાં રહેતો નથી. ૨૯ ખાંડ પૂરી થઈછે. ૩૦ મારો પાઠ પૂરો થયોછે.

૯૭)

અભ્યાસપાઠ ૨૪.

કોને whom
પૂજવું to worship
મૂર્તિ an idol
ક્યાં ? where ?
સૂતારનું કામ carpenter's work
વ્યાકરણ grammar
ભૂગોળવિદ્યા geography
બીજગણિત algebra
હાથ નીચેનો શિક્ષક an assistant
અમારૂં our
પાઠશાળા a college
ભૂસ્તરવિદ્યા geology
ભરવાડ a shepherd
ખગોળવિદ્યા astronomy
શેઠ a master
મને આવડેછે I know
અજ્ઞાની ignorant
સાથી a companion
ઉછીનું લેવું to borrow
ડોસો an old man
સોબતી a friend, a companion
શિકારી a huntsman
લોંકડી a fox.
ડાહ્યો wise
ભીખારી a beggar
જાૂઠું બોલવું to tell a lie
પાપ કરવું to sin
પવિત્ર holy, pure
દશ વાગ્યા પછી after ten o'clock
જાગવું to remain awake, to sit up

૧ તમે કોને પૂજોછો ? * ૨ અમે ઈશ્વરને પૂજીએ છઈએ, અમે મૂર્તિને પૂજતા નથી. ૩ તમે ક્યાં રહોછો? ૪ હું સુતારનું કામ કરૂં-છું. ૫ તમે વ્યાકરણ જાણોછો? ૬ હું ભૂગોળવિદ્યા જાણતો નથી. ૭ મહેતાજી બીજગણિત જાણેછે, પણ(but) તેના હાથ નીચેનો શિક્ષક (તે) જાણતો નથી. ૮ અમારા ભાઈઓ પાઠશાળામાં ભૂસ્તરવિદ્યા શીખ્યાછે. ૯ આ ભરવાડને ખગોળવિદ્યા આવડેછે, પણ ભૂસ્તરવિદ્યા નથી આવડતી. ૧૦ શેઠ અને ચાકર અજ્ઞાની છે. ૧૧ હું મારા સાથીને તેડી લાવ્યોછું. ૧૨ મેં પંદર રૂપિઆ ઉછીના લીધા. ૧૩ તે ડોસા પાસે બે લાકડી છે. ૧૪ મારા છોકરા પોતાના પાઠ શીખેછે. ૧૫ આ મારો સોબતી છે. ૧૬ શું આ તમે લખ્યું ? ૧૭ શિકારીઓએ બે લોંકડી મારી. ૧૮ આ જુવાન માણસો ભૂગોળવિદ્યા જાણતા નથી. ૧૯ ડાહ્યો છોકરો થોડું (little) બોલેછે, તે ઘણું (much) બોલતો નથી. ૨૦ શું તું થોડું બોલેછે? ૨૧ હું આ છોકરાને શીખવતો નથી. ૨૨ આ ભીખારી જૂઠું બોલતો નથી. ૨૩ હું દૂધ પીતો નથી. ૨૪ ઈશ્વર પાપ કરતો નથી. ૨૫ ઈશ્વર પૂરો (perfectly) પવિત્ર છે. ૨૬ દશ વાગ્યા પછી હું જાગતો નથી. ૨૭ તમે અંગ્રેજી બોલોછો શું? ૨૮ શું બિલાડીનું બચ્ચું પાણી પીએછે ? ૨૯ તે (It) પાણી પીતું નથી, તે દૂધ પીએછે. ૩૦ તે બકરૂં ફળ ખાયછે. ૩૧ આ બકરૂં ફળ ખાતું નથી. ૩૨ શું તેની બહેનો ગાયછે ? ૩૩ તેની બહેનો પિઆનો નામનું વાજું વગાડતી નથી.

બોધપાઠ ૧૯.

બીજાં અનિ. ક્રિ. તથા પ્રશ્નાર્થ અને નિષેધાર્થ ભૂતકાળનાં રૂપ.

OTHER IRREGULAR VERBS AND THE INTERROGATIVE AND NEGATIVE TENSES.

૯૮)	સામાન્યરૂપ.	ભૂતકાળ.	ભૂતકૃદંત.
	પેટે ચાલવું to creep	crept	crept

* પ્રશ્નાર્થ વાક્યની રચના વિષે સૂચના.—

અંગ્રેજીમાં પ્રશ્નાર્થ વાક્યમાં પહેલું સહાયકારક ક્રિયાપદ, પછી કર્ત્તા, પછી મુખ્ય ક્રિયાપદ અને છેલ્લું કર્મ કે વિશેષણ આવેછે, પણ જો વાક્યમાં કર્મ પ્રશ્નાર્થ સર્વનામ હોય અથવા 'where,' 'when,' how' વગેરે કોઈ પ્રશ્નાર્થ ક્રિયાવિશેષણ આવ્યું હોય તો છેલ્લું મૂકવાને બદલે વાક્યની આરંભે મૂકવું. ઉદાહરણઃ-

(૧) Did he call me ? (૨) When do you call ? (૩) When do you come to school ?

પસંદ કરવું to choose	chose	chosen
ઠરી જવું to freeze	froze	frozen
કામ પાડવું, વહેવાર રાખવો to deal with	dealt	dealt
સ્વપ્નું આવવું to dream	dreamt	dreamt
રાખવું to keep	kept	kept
કૂદવું to leap	leapt	leapt
અઢેલીને ઊભા રહેવું to lean	leant	leant
કહેવા ઇચ્છવું, મતલબ હોવી to mean	meant	meant
ખરચવું to spend	spent	spent
ખેંચવું to draw	drew	drawn

૯૯) પ્રશ્નાર્થ ભૂતકાળ.

એકવચન.	અનેકવચન.
Did I write?	Did we write?
Didst thou write?	Did you write?
Did he write?	Did they write?

અર્થ.—શું મેં લખ્યું? શું તેં લખ્યું? વગેરે.

૧૦૦) નિષેધાર્થ ભૂતકાળ.

I did not write	We did not write
Thou didst not write	You did not write
He did not write	They did not write

અર્થ.—મેં ન લખ્યું, તેં ન લખ્યું, વગેરે.

૧૦૧) ઉદાહરણ.

તમે મને કહ્યું, પણ મેં તે ન કર્યું.	You told me, but I did not do it.
તે ગયો પણ હું નહિ ગયો	He went, but I did not go.
તેણે ઘોડો વેચ્યો નહિ, પણ આપી દીધો.	He did not sell the horse but gave it away.

૧૦૨) અભ્યાસપાઠ ૨૫.

તરવું to swim	સરોવર a lake, a pond
ભત્રીજો a nephew	શિયાળામાં in winter
પાછું back	ઊભો standing
ખાવાનું (નામ) board	ચોપગું જનાવર a quadruped
ગાડી a car; ગાડું a cart	લંગડો a lame man
તેલ oil	કર મૂળ the root *kara*
ટાઢ cold, the cold	કુંચી શબ્દ the word *kunchi*
મુશ્કેલ difficult	ઘ અક્ષર the letter *gha*
દુકાનદાર a shop-keeper	ઉડાઉ a spendthrift
સાથે with	ના, ભાઈ no, indeed
બીજાનું another's	અકડાઈ જવું to be stiff

૧ મગર પાણીમાં તરેછે અને જમીન પર પેટે ચાલેછે. ૨ મારો નાનો ભત્રીજો કોટડીમાંથી પેટે ચાલીને આવ્યો. ૩ તે પાછો પેટે ચાલ્યોછે. ૪ તેના ખાવાનો થોડો ખર્ચ બેસેછે. ૫ તેણે મોટી ગાડી પસંદ કરી. ૬ શું તમે લાલ પાઘડી પસંદ કરોછો? ૭ શું પાણી ઠરી ગયું? ૮ શું તેલ ઠરી ગયુંછે? ૯ પાણી ઠરી ગયું, પણ તેલ ઠર્યું નહિ. ૧૦ મારી આંગળીઓ ટાઢથી (with) અકડાઈ ગઈછે. ૧૧ શું ગઈ રાતે તમને સ્વપ્ન આવ્યું? ૧૨ મને સ્વપ્ન નથી આવ્યું. ૧૩ તેની સાથે કામ પાડવું મુશ્કેલ છે (It is). ૧૪ આ દુકાનદાર સાથે મેં ત્રણ વરસ કામ પાડ્યુંછે. ૧૫ સરોવરમાં બધું પાણી ઠરી ગયુંછે. ૧૬ ઇંગ્લાંડમાં શિયાળામાં બધાં સરોવર ઠરી જાયછે. ૧૭ તેણે પટાવાળાને બે કલાક ઊભો રાખ્યો. ૧૮ શું તમે કુતરા રાખોછો? ૧૯ મારા ઘરમાં હું કોઈ ચોપગું જનાવર રાખતો નથી. ૨૦ હું આવ્યો ત્યારે તે મેજ પર (on) અઢેલીને ઊભો હતો. ૨૧ તું આવ્યો ત્યારે લંગડો ભીંતે (against) અઢેલીને ઊભો હતો. ૨૨ શું તમે આ ખુરશીએ અઢેલીને ઊભા હતા? ૨૩ તેણે એવું (this) કહેવા ઇચ્છયું. ૨૪ મેં વર્ત્તમાનકાળ કહેવા ઇચ્છયું. ૨૫ તે બીજો (following, next) શબ્દ કહેવા ઇચ્છેછે? ૨૬ શું તમે

આ શબ્દ કહેવા ઇચ્છ્યું? ૨૭ નહિ, મેં કર મૂળ કહેવા ઇચ્છ્યું. ૨૮ મહે-
તાજીએ કૂંચી શબ્દ કહેવા ઇચ્છ્યું. ૨૯ આ નિશાળીઆએ ઘ
અક્ષર કહેવા ઇચ્છ્યું. ૩૦ મેં તે કહેવા નહિ ઇચ્છ્યું. ૩૧ શું તેણે એવું
કહેવા ઇચ્છ્યું? ૩૨ તે ઘણા પૈસા ખરચેછે. ૩૩ તેણે એકવીસ ૨૦
રૂપિઆ ખરચ્યા. ૩૪ આ ઉડાઉએ પોતાના બધા પૈસા ખરચ્યા
છે. ૩૫ મેં મારા બધા પૈસા ખરચ્યા નથી. ૩૬ શું તમે મારા રૂપિઆ
ખરચ્યા? ૩૭ ના ભાઈ, હું બીજાના પૈસા ખરચતો નથી. ૩૮ તમે
કૂદોછો. ૩૯ હું કૂદ્યો. ૪૦ અમે કૂદ્યા નહિ. ૨૮

બોધપાઠ ૨૦.

પ્રશ્નાર્થ રૂપ.

૧૦૩) To do ક્રિયાપદ પ્રશ્ન પૂછવાના કામમાં આવેછે. એવું શીખેછે ત્યારે કેટલાએક એવું ખોટું અનુમાન કાઢેછે કે to do ક્રિયાપદ વગર સવાલ થાયજ નહિ.

એટલું જાણવું જોઇએ કે બીજાં સહાયકારક ક્રિયાપદ (એટલે is, was, have, may વગેરે) જોડે તો do આવેજ નહિ. એવાં ક્રિયાપદ આવે ત્યારે તો સાધારણ રૂઢી પ્રમાણે કર્તા તથા ક્રિયાપદ ઊલટ સૂલટ કરી સવાલ કરવો જોઇએ. જેમકે,—

પ્રશ્નાર્થ રૂપ.

Affirmative Forms.	*Interrogative Forms.*
You are reading.	Are you reading?
They have spoken.	Have they spoken?
He had written.	Had he written?
Thou hast risen.	Hast thou risen?
We will go.	Shall we go?
We go.	Do we go?
I may go.	May I go?

Affirmative Forms.	*Interrogative Forms.*
You are first.	Are you first?
They read yesterday.	Did they read yesterday?
You were talking.	Were you talking?
We might have gone.	Might we have gone?

૧૦૪) અભ્યાસપાઠ ૨૬.

કોઈ દહાડો ever, at any time
તેને ત્યાં to his house
જમવું to take one's dinner, to dine
થોડી વારમાં soon
જરા a little
રાહ જોવી to wait for
પેદા કરવું to create

૧ હરજી, તેં કોઈ દહાડો કંઈ વસ્તુ કરીછે? ૨ તે બકરીનાં શિંગડાં
સીધાં છે કે વાંકાં? ૩ શું, તમે તેને ત્યાં ગયા પહેલાં તે જમી રહ્યો હતો?
૪ અમે નિશાળે જઈએ છીએ, શું તમે આવવા તૈયાર છો? ૫ થોડી
વારમાં હું તૈયાર થઈશ, જરા મારી રાહ જોશો? ૬ દુનિયા કોણે પેદા
૫ કરીછે? ૭ શું કોઈ માણસે દુનિયા પેદા કરીછે? ૮ તમે લખોછો?
૯ આવતી કાલે તમારા ભાઈ ઉપર તમે કાગળ લખશો? ૧૦ શું તમે
૭ કહેતા હતા? ૧૧ શું આ પાણી ઠરી ગયુંછે? ૧૨ તે ક્યારે જમશે?

બોધપાઠ ૨૧.

બીજાં અનિયમિત ક્રિ૦ તથા પ્રશ્નાર્થક અને નિષેધાર્થક ભવિષ્યકાળ.

OTHER IRREGULAR VERBS AND THE INTERROGATIVE AND NEGATIVE FUTURE TENSES.

૧૦૫) સામાન્યરૂપ.	ભુતકાળ.	ભુતકૃદંત.
પીવું to drink	drank	drunk
હાંકવું to drive	drove	driven
ઊઠવું to rise	rose	risen

સામાન્યરૂપ.	ભૂતકાળ.	ભૂતકૃદંત.
સવારી કરવી, ઘોડે બેસવું, સવાર થઇને જવું } to ride	rode	ridden
લખવું to write	wrote	written
હાથ ફેરવી જોવો to feel	felt	felt
પડવું to fall	fell	fallen
ફેંકવું to fling	flung	flung
ઊડવું to fly	flew	flown
નાંખવું to throw	threw	thrown
વીસરવું to forget	forgot	forgotten
માફ કરવું to forgive	forgave	forgiven

૧૦૬) પ્રશ્નાર્થ ભવિષ્યકાળ.

એકવચન.	અનેકવચન.
Shall I go?	Shall we go?
Wilt thou go?	Will you go?
Will he go?	Will they go?

અર્થ.—શું હું જઇશ (કે જાઉં)? શું તું જશે, વગેરે.

૧૦૭) નિષેધાર્થ ભવિષ્યકાળ.

એકવચન.	અનેકવચન.
I shall not go	We shall not go
Thou wilt not go	You will not go
He will not go	They will not go

અર્થ.—હું નહિ જઇશ, તું જઇશ નહિ, જવું, જશે નહિ, વગેરે.

૧૦૮) અભ્યાસપાઠ ૨૭.

ગોવાળિયો a cowherd	વહેલું early
કડીઓ a distiller	ચડવું, ઊગવું to rise
દારૂ spirits	કાલ સવારે to-morrow morning
બનાવવું to manufacture	

માછી a fisherman
શેર a pound, a pint
બસ enough
બીર નામનો એક જાતનો દારૂ beer
પાણીજ only water
તેમને them
હવાડો a water-trough
સાત વખત seven times
સૂરજ the sun
આવતી કાલે to-morrow
ગઈ કાલે yesterday
ખડબચડું rough
નકામું useless
ફેંકી દેવું to throw away
એકલું alone, only
હલાવવું to shake
બોર a bore
આગ fire
ટટ્ટુ a pony
સમડી a kite
બચ્ચું a young one
પલંગ a bedstead

૧ આ ભરવાડ બહુ દૂધ પીએછે. ૨ કડીઓ દારૂ બનાવેછે. ૩ આ માછીઓ દારૂ પીએછે. ૪ આ માછીએ એક મહિનામાં (in) ત્રીસ શેર (of) દારૂ પીધોતેના (it) એને ચાર રૂપિઆ બેઠા. ૫ મેં બહુ પીધુંછે. ૬ ઇંગ્લાંડમાં બીર બહુ પીવામાં આવેછે. ૭ હું પાણીજ પીઉંછું. ૮ શું તમે પીશો? ૯ પેલો છોકરો નદી તરફ ગાય હાંકેછે. ૧૦ કાલે તેણે તેમને હવાડા તરફ હાંકી. ૧૧ શું તેઓ ઘોડો હાંકશે? ૧૨ આ ઘોડો મેં સાત વખત હાંક્યો. ૧૩ સૂરજ ક્યારે ઊગશે? ૧૪ આજે હું છ વાગે ઊઠ્યો. ૧૫ સૂરજ ઊગ્યોછે. ૧૬ આવતી કાલે તમે ક્યારે ઊઠશો? ૧૭ ગઈ કાલે હું વહેલો ઊઠ્યો નહોતો (use the past tense). ૧૮ નદીનું પાણી છ ફુટ ચઢ્યુંછે. ૧૯ શું તમે કાલે સવારે (ઘોડે બેશીને) ફરી"આવશો? ૨૦ અમે કાલે સવારે (ઘોડે બેશીને) ફરવા નહિ જઇશું. ૨૧ અમે સવારે (ઘોડે બેશીને) ફરી આવ્યા છીએ. ૨૨ શું તમે રોજ કાગળ લખોછો? ૨૩ કાલે મેં એક લખ્યો. ૨૪ મેં અભ્યાસપાઠ લખ્યોછે. ૨૫ આ કાગળ ખડબચડો છે, તેના ઉપર (it) હાથ ફેરવી જુઓ. ૨૬ મેં એના ઉપર હાથ ફેરવી જોયોછે. ૨૭ મેજ ઉપરથી (off) ચોપડી પડીછે. ૨૮ હું નહિ પડીશ. ૨૯ કાલે હું ઝાડ ઉપરથી (from) પડ્યો. ૩૦ તેણે ખૂણામાં (into) ચોપડી ફેંકી. ૩૧ મારો ચપ્પુ નકામો હતો, મેં તે ફેંકી દીધોછે.

છોકરાએ પત્થર કૂવામાં (into) નાંખ્યો. ૩૩ તેઓ પાઠ વીસરી
ગયાછે. ૩૪ તમે પાઠ વીસરી જશો. ૩૫ હું નહિ વીસરીશ. ૩૬ તું ૨૦
વીસરેછે. ૨૭ એકલો ઈશ્વર પાપ માફ કરેછે. ૩૮ હું તમને માફ
કરૂંછું. ૩૯ શું તમે મને માફ કરશો ? ૪૦ ઝાડ હલાવો (આજ્ઞાર્થ)
એટલે (and) બોર પડશે. ૪૧ તે બહુ ગુસ્સે થયો, અને આગમાં
ચોપડી ફેંકી. ૪૨ તે ભીંત પરથી પડ્યો ને તેનો હાથ ભાગ્યો. ૪૩ તમારો
નાનો ભાઈ ટટ્ટુપરથી પડ્યો અને તેનો હાથ (arm) ભાગ્યોછે. ૨૫
૪૪ સમડી ઊંચી ઊડેછે. ૪૫ પક્ષી કોટડીની ચોતરફ ઊડ્યું. ૪૬
બચ્ચાં ઊડી ગયાંછે. ૪૭ ડગલો પલંગ નીચે ફેંકેલો હતો. ૨૭

બોધપાઠ ૨૨.

બીજાં અનિયમિત ક્રિયાપદ તથા There નો ઉપયોગ.

OTHER IRREGULAR VERBS AND THE USE OF "THERE."

૧૦૯) સામાન્યરૂપ.	ભૂતકાળ.	ભૂતકૃદંત.
મેળવવું, થવું } to get	got	got
બંદુકથી મારવું to shoot	shot	shot
પુંજો કાઢવો to sweep	swept	swept
રોવું to weep	wept	wept
ઊંઘવું to sleep	slept	slept
છોડવું to leave	left	left
ટાંગવું to hang	hung	hanged, hung
સાંભળવું to hear	heard	heard
મૂકવું to lay	laid	laid
કહેવું to say	said	said
કહેવું, કોઇને કહેવું } to tell	told	told
વેચવું to sell	sold	sold

૧૧૦) વાક્યમાં હો ધાતુનું રૂપ મુખ્ય ક્રિયાપદ હોય અને ઠેકાણું બતાવનાર કોઇ શબ્દ સ્પષ્ટ અથવા અધ્યાહાર હોય તો અંગ્રેજીમાં વાક્યને આરંભે "There" આવેછે અને ક્રિયાપદની પછી કર્તા આવેછે, જેમકે, બાગમાં એક વાંદરો છે There is a monkey in the park. ઈશ્વર છે There is God.

આ રૂઢી કેવળ ત્રીજે પુરૂષે અને ઘણું કરીને to be ક્રિયાપદ સાથે વપરાયછે.

૧૧૧) **ઉદાહરણ.**

કાલે પૂનમ થશે	There will be full moon to-morrow.
ઝાડપર એકે કેરી નહોતી	There was not one mango on the tree.
દરવાજા આગળ ઘોડો ઊભો છે	There is a horse standing before the door.

૧૧૨) **અભ્યાસપાઠ ૨૮.**

ઈનામ a prize	ખીલો a nail, a spike
સાહુડી a porcupine	તાળું a lock
તોફાન a tempest	લગાડવું to attach (to)
અઠવાડિયું a week	લગાડેલું attached (to)
શેત્રંજી a carpet	તલ, રજ a mote
છિદ્ર a hole	એવું this
એકે a single	મૂરઘી a hen
નળિયું a tile	ઇંડું an egg
છાપરૂં a roof	શું? what?
ખૂબ much, very much	કપ્પડ, કપડું cloth
આંગણું, ચોગાન a courtyard	

સૂવાની કોટડી a bed-room
ધૂળ dust
ઘણું a great deal of
સારીપેઠે well
લૂગડાં, તૈયાર લૂગડાં clothes
મારૂં બધું all my
પુસ્તકશાળા a library
કાગળ paper

૧ ગઈ રાતે મારી કોટડીમાં એક કુતરો હતો. ૨ મેં ઈનામ મેળવ્યુંછે. ૩ સાહુડીએ મકાઈ (maize) ખાધા. ૪ સાહુડીએ બધા મકાઈ ખાધાછે. ૫ એડુંને બંદૂકથી સાહુડી મારી. ૬ શું તમે સારા (better) થતા જાઓછો ? ૭ કાલે હું જરા (a little) સારો હતો. ૮ કાલે તોફાન થયું. ૯ અઠવાડિયાના (in a week) સાત દિવસ છે. ૧૦ શેત્રંજીમાં છિદ્ર છે. ૧૧ છાપરા ઉપર એકે નળિયું નથી. ૧૨ તે ખુબ રડી. ૧૩ આંગણાનો પૂંજો કાઢો. ૧૪ મેં સૂવાની કોટડીનો પૂંજો કાઢ્યોછે. ૧૫ સૂવાની કોટડીમાં ઘણી ધુળ હતી. ૧૬ ગઈ રાતે હું સારીપેઠે ઊંઘ્યો. ૧૭ પણ છાપરામાં ઊંદર હતો. ૧૮ મેં મારૂં ઘર છોડ્યુંછે. ૧૯ ત્રીજે વરસે મેં મારૂં ગામ છોડ્યું. ૨૦ તેણે ખીલા પર (upon) ડગલો ટાંગ્યો. ૨૧ દરવાજા પર મેં ટોપલી ટાંગીછે. ૨૨ તાળામાં કૂંચી છે.* ૨૩ કૂંચી તાળામાં છે. ૨૪ પેટીએ તાળું લગાડેલું છે. ૨૫ પેટીએ તાળું લગાડેલું નથી. ૨૬ તારી આંખમાં તણખલું છે. ૨૭ એવું મેં સાંભળ્યુંછે. ૨૮ શું તમે સાંભળોછો? ૨૯ શું તેઓ સાંભળશે? ૩૦ અમે સાંભળીશું નહિ. ૩૧ મેં મેજ ઉપર ચોપડી મૂકીછે. ૩૨ મૂરઘી ઇંડાં મૂકેછે. ૩૩ શું તમારી મૂરઘી ઇંડાં મેલેછે? ૩૪ તમે શું કહોછો? ૩૫ મેં એવું કહ્યું. ૩૬ શું તમે એવું કહ્યું? ૩૭ મેં એને કહ્યું અને તેણે મને કહ્યું. ૩૮ શું તમે કપ્પડ વેચોછો? ૩૯ શું તમે તૈયાર લૂગડાં વેચોછો? ૪૦ મેં મારી બધી ચોપડી વેચીછે. ૪૧ ગામમાં એકે ચોપડી નથી. ૪૨ પુસ્તકશાળામાં ઘણી સારી ચોપડી છે. ૪૩ આ ચોપડીમાં પાંત્રીસ પાઠ છે. ૪૪ તમારી ચોપડીમાં એકે સારો પાઠ નથી. ૪૫ અમદાવાદમાં ઘણા સરસ કાગળ બનેછે. ૪૬ બધાનો (all) એક ઈશ્વર છે.

* આ બે વાક્યના જુદા અર્થ થાયછે અને અંગ્રેજીમાં તેમનો તરજુમો જુદી જુદી રીતે કરવો જોઈએ.

બોધપાઠ ૨૩.

બીજાં અનિયમિત ક્રિયાપદ તથા ૧ લી, ૨ જી અને ૬ ઠી વિભક્તિ.

OTHER IRREGULAR VERBS AND THE NOMINATIVE, OBJECTIVE AND POSSESSIVE CASES.

૧૧૩) સામાન્યરૂપ.	ભુતકાળ.	ભુતકૃદંત.
સુઈ રહેવું to lie, to lie in bed	lay	lain
ખોવું to lose	lost	lost
વાગવું, વગાડવું to ring	rang	rung
ડંખવું to sting	stung	stung
જોવું to see	saw	seen
દેખાડવું to show	showed	shown
ચળકવું to shine	shone	shone
નાળ બાંધવી, જડવી to shoe	shod	shod
સુકાઈને ચડી જવું to shrink	shrank	shrunk
બૂડવું, બૂડાડવું to sink	sank	sunk
બેસવું to sit	sat	sat
જીતવું to win	won	won

૧૧૪) ગુજરાતીમાં નામની સાત વિભક્તિ છે, પણ અંગ્રેજીમાં ત્રણજ થાયછે.

Case.	કઈ વિભક્તિ.	અર્થ.		ઉદાહરણ.
Nominative	૧ લી	કર્તા	છોકરો લખેછે	A boy writes
	૩ જી	,,	છોકરાએ લખ્યું	A boy wrote
Genitive	૬ ઠી	સંબંધ	છોકરાની ચોપડી	A boy's book
Accusative	૨ જી	કર્મ	છોકરો ચોપડી વાંચેછે	A boy reads a book

ઉપલાં ઉદાહરણ ઉપર નજર કીધાથી માલૂમ પડેછે કે ગુજરાતીમાં જેમ કર્ત્તા તથા કર્મને વિભક્તિનો પ્રત્યય લાગતો નથી, તેમ અંગ્રેજીમાં પણ લાગતો નથી.

૧૧૫) સંબંધાર્થ (છઠ્ઠી વિભક્તિનો અર્થ) જણાવવાનો પ્રત્યય પુરાતન અંગ્રેજીમાં es હતો, પણ હાલમાં e પડતી મેલાયછે અને તેને બદલે આપાસ્ત્રફે (apostrophe) એવી કહેવાની નિશાની (') લખેછે, જેમકે' ઘોડાની પૂંછડી a horse's tail. પણ અનેકવચને આવનાર નામનો અંત્યાક્ષર s હોયછે, ત્યારે બીજો s નથી લગાડતા, કેવળ આપાસ્ત્રફે (') લગાડેછે, જેમકે ઘોડાઓની પૂંછડીઓ horses' tails.

૧૧૬) વળી s પ્રત્યયને બદલે નામયોગી (the preposition) of નામની પૂર્વે લગાડયાથી તેની છઠ્ઠીવિભક્તિનો અર્થ દર્શાવાયછે, જેમકે, a tail of a horse, tails of horses.

૧૧૭) **ઉદાહરણ.**

આ મારા કાગળ નથી, તે આ છોકરાના છે	This is not my paper, it is this boy's
આ ખુરશીપર ચાર પાંચ છોકરાની ચોપડી છે	There are four or five boys' books on this chair અથવા There are the books of four or five boys on this chair

૧૧૮) **અભ્યાસપાઠ ૨૯.**

માંદું sick	ઘડો a waterpot
પથારી, બિછાનું a bed	મજૂર a labourer
ઘિડીઆળ a gong	લાકડું a piece of wood
પત્તળ brass.	ચપ્પુ a pen-knife

બનાવેલું made (of)
માખી a fly
જગા a place
હાથ a hand
વૈદ a physician
માળો a nest
સોંઢી a ladder, stairs
પગથિયું a step
ઘોડી a mare

૧ હું આખી રાત સૂઈ રહ્યો. ૨ આ માંદો માણસ છ અઠવાડિયાં થયાં પથારીમાં સૂઈ રહ્યોછે. ૩ કાલે તેઓએ બે રૂપિઆ ખોયા. ૪ આ ગરીબ માણસે દશ રૂપિઆ ખોયાછે. ૫ રૂપિઆ તેના ભાઈના હતા. ૬ ઘડીઆળ વગાડો. ૭ આ ઘડીઆળ પિત્તળની બનાવેલી છે. ૮ મેં તે (it) અગીઆર વખત વગાડીછે. ૯ શું આ માખી તેને ડંખશે ? તે (it) મને ડંખીછે. ૧૦ મેં તમને તે ડંખતી જોઈ. ૧૧ આ જગામાં માખી ઘણી છે. ૧૨ મને તમારો હાથ બતાવો. ૧૩ મેં વૈદને મારો હાથ બતાવ્યોછે. ૧૪ વૈદનો દીકરો માંદો છે. ૧૫ આ લૂગડું ચઢી જાયછે. ૧૬ તે ચઢી ગયેલુંછે. ૧૭ ગરીબ બાયડીનો ઘડો કૂવામાં બૂડી ગયો. ૧૮ હું બૂડુંછું, હું બૂડુંછું. ૧૯ આ માણસની લાકડી ડૂબી ગઈ છે. ૨૦ મજાર પત્થરપર બેઠો. ૨૧ હું ઘણી વખત આ લાકડા પર બેઠો. ૨૨ રણછોડનો બાપ (તે) જગજીવનનો ભાઈ થાયછે (is). ૨૩ હુશિયાર શિક્ષકના નિશાળીઆ જલદી શીખેછે. ૨૪ ચાર છોકરાની પાટી આ મેજપર છે. ૨૫ આ મારૂં ઘર નથી, તે મારા ભાઈનું છે. ૨૬ આ ગોવિંદનો ચપ્પુ છે. ૨૭ આ ચપ્પુ ગોવિંદનો છે. ૨૮ આ ચાર મુરઘીનાં ઇંડાં છે. ૨૯ ચીના પક્ષીના માળા ખાયછે. ૩૦ આ મારાં છોકરાં નથી, તે મારા છોકરાનાં છોકરાં છે. ૩૧ આ સોંઢીનાં પગથિયાં ઊંચાં છે. ૩૨ આ મારા ભાઈઓની બાયડીઓ છે. ૩૩ સૂરજના તાપથી પાણી ગરમ થયું. ૩૪ પટેલની ઘોડીપર મેં સવારી કરી.

બોધપાઠ ૨૪.

બીજાં અનિયમિત ક્રિયાપદ તથા ૩ જી, ૪ થી, ૫ મી અને ૭ મી વિભક્તિ વિષે.

OTHER IRREGULAR VERBS AND THE INSTRUMENTAL, DATIVE, ABLATIVE AND LOCATIVE CASES.

૧૧૯) સામાન્યરૂપ.	ભૂતકાળ.	ભૂતકૃદંત.
વાસ આવવી to smell	smelt	smelt
બળવું, બાળવું to burn	burnt	burnt
કાંતવું to spin	span	spun
કૂદીને ચઢી બેસવું to spring upon	sprang upon	sprung upon
ચોરવું to steal	stole	stolen
ચોંટવું, ચોંટાડવું to stick	stuck	stuck
ઓરવું, to sow	sowed	sown
મારવું to strike	struck	struck
પરોવવું, પોરવવું to string	strung	strung
પ્રયત્ન કરવો to strive	strove	striven
સમ ખાવા to swear	swore	sworn
વિચારવું, જાણવું to think	thought	thought

૧૨૦) કર્મણીપ્રયોગે કર્તા ત્રીજી વિભક્તિમાં આવેછે, પણ અંગ્રેજીમાં કર્તરિપ્રયોગ થાયછે માટે કર્તા સદા પહેલી વિભક્તિમાં આવેછે એટલે તેને કશો પ્રત્યય લાગતો નથી. જેમકે, આ છોકરાએ આખો પાઠ વાંચ્યો This boy has read the whole of the lesson. (અંકકૃ ૧૧૩ મું જુઓ.)

પણ ઘણીખરી વેળાએ કરણને અર્થે ત્રીજી આવેછે, ત્યારે તો તેનો તરજુમો નામયોગી by કે with થી થાયછે, જેમકે, આ ચોપડી છરીએ કાપેલીછે. This book is cut with a knife.

૧૨૧) ચોથી વિભક્તિનો અર્થ સંપ્રદાન કહેવાયછે અને તેને ને પ્રત્યય લાગેછે. અંગ્રેજીમાં સંપ્રદાનનો નામયોગી to થાયછે, જેમકે, મોતીરામને તેણે રૂપિઓ આપ્યો He gave the rupee to Motiram.

૧૨૨) પાંચમીનો અર્થ અપાદાન અને તેનો પ્રત્યય થી, અંગ્રેજીમાં નામયોગી from.

પણ કરણને અર્થે પાંચમી આવી હોય તો તેનો તરજુમો by, with થાયછે.

૧૨૩) સાતમીનો અર્થ અધિકરણ અને તેના પ્રત્યય એ, માં અંગ્રેજીમાં to, in, into.

૧૨૪) અંગ્રેજી નામયોગી (preposition) નામની પાછળ આવેછે, જેમકે, તે ઘેરથી નદીએ ગયો He went from the house to the river.

૧૨૫) ઉદાહરણ.

કાળીદાસે ચતુરભુજને રૂપિઓ આપ્યો અને ચતુરભુજે કાળીદાસને સોળ આના આપ્યા.	Kalidas gave a rupee to Chaturabhuj and C. gave sixteen annas to K.
મેં તમારા ચપ્પુએ (કે ચપ્પુથી) આ કલમ ઘડીછે	I made this pen with your knife.
અમદાવાદથી રાણીપુર ત્રણ ગાઉ ઉપર છે	Ranipur is three kos from (કે distant from) Ahmedadad.
હું બંગલે ગયો	I went to the bungalow
હું બંગલામાં ગયો	I went into the bungalow
હું બંગલામાં રહુંછું	I live in a bungalow

૧૨૬) અભ્યાસપાઠ ૩૦.

બત્તી a light, a candle
દીવેટ a wick
ધૂમાડો smoke
ચૂનો lime
ભઠ્ઠી a kiln (કિલ)
ચૂનારો a lime-burner
ચૂનો પકવવો to burn lime
પાવડો a shovel
રેંટિયો a spinning-wheel
પોણોશેર three-quarters of a pound
ચિત્તો a leopard
સાબર a deer
ચોર a thief
ચોરવું to steal
લૂંટારો a robber
લૂંટવું to rob
આળસુ lazy, idle
ઘરેણું jewelry
પછી (ક્રિયા વિ૦) afterwards
તો however, but
સિપાઈ the police
જાહેર ખબર, જાહેર ખબરનો કાગળ an advertisement
દીવાલ a wall
ગુમાસ્તો a clerk
લાઈ paste
નેતર a cane
ગાઉ a kos
છેટે distant
કાકડું a bead
સોય a needle
કદી નહિ never
લુચ્ચો a rogue, a villain
આંબો a mango tree
આજ્ઞા a commandment

૧ બત્તીની દીવેટના ધૂમાડાની મને વાસ આવેછે. ૨ કાલે ચૂનાની ભઠ્ઠીની વાસ મને આવી. ૩ આ ચૂનાની ત્રણ ભઠ્ઠી છે. ૪ આ માણસ ચૂનારાનો ચાકર છે. ૫ ભઠ્ઠીમાં તે રોજ ચૂનો પકવેછે. ૬ કાલે તે આખો દિવસ ભઠ્ઠીમાં ચૂનો નાંખતો હતો. ૭ ગાડીએ ચૂનો લાવતો અને પાવડાએ ભઠ્ઠીમાં નાંખતો. ૮ આ ચૂનો સારી પેઠે પાકેલોછે. ૯ મારી બાયડીની બહેન સારૂં કાંતેછે. ૧૦ મેં તેને રૂ કાંતવાને આપ્યું. ૧૧ તે રોજ રેંટિયાએ કાંતેછે. ૧૨ કાલે તેણીએ પોણોશેર રૂ કાંત્યું. ૧૩ આ મારી માનો રેંટિયો છે. ૧૪ ચિત્તો કૂદીને સાબર ઉપર ચઢી બેઠો. ૧૫ સાબરના ચાર પગ હું જોઉંછું. ૧૬ ચોર ચોરેછે અને લૂંટારો

લૂટેછે. ૧૭ ગઈ રાતે ચોરોએ મારા બાપનું ઘર લૂટયું અને મારી માનું ઘરેણું ચોરયું. ૧૮ પછી તો સિપાઈએ ચોરોને પકડયા, પણ મારી માનું ઘરેણું તેમની પાસે નહોતું. ૧૯ આ જાહેરખબરનો કાગળ દીવાલને ચોંટેછે. ૨૦ આ દુકાનદારની જાહેરખબર છે. ૨૧ તેના ગુમાસ્તાએ લાઈથી તેને ચોટાડી. ૨૨ શિક્ષકે આ આળસુ છોકરાને નેતરથી માર્યો. ૨૩ અમદાવાદથી ધોળકા બાર ગાઉ છેટે છે. ૨૪ મારી નાની બહેન ઘરમાં કીડીઆં પરોવેછે. ૨૫ તેણીએ કાલે શેર પરોવ્યાં. ૨૬ તે તેની નાની બહેનનાં કીડીઆં હતાં. ૨૭ પણ તેણીએ તેને આપ્યાં હતાં. ૨૮ તે સોયે પરોવેછે. ૨૯ આ માણસ કદી સમ ખાતો નથી. ૩૦ આ લુટ્યારાએ મારા ભાઈના આંબા કાપ્યા. ૩૧ તેણે આંબો કુહાડાએ કાપ્યો. ૩૨ શું તમે તમારા ખેતરમાં ઘઉં ઓરયાછે? ૩૩ ઘડીઆળમાં ચાર વાગ્યા. ૩૪ ડાહ્યો છોકરો સુધરવાને પ્રયત્ન કરેછે. ૩૫ હું ઈશ્વરની આજ્ઞા પાળવાને પ્રયત્ન કરૂંછું. ૩૬ મેં એવું વિચારયું-છે. ૩૭ શું તમે અભ્યાસપાઠ પૂરો નથી કીધો? ૩૮ હું નદીએ ગયો, નદીમાં હોડી હતી અને હું હોડીપર ગયો અને તેમાં બેઠો.

બોધપાઠ ૨૫.

બીજાં અનિયમિત ક્રિયાપદ તથા કર્મ અને સંપ્રદાનના ફેર વિષે.

OTHER IRREGULAR VERBS AND THE DIFFERENCE BETWEEN THE ACCUSATIVE AND DATIVE CASES.

૧૨૭) સામાન્યરૂપ.	**ભુતકાળ.**	**ભુતકૃદંત.**
ઝૂલવું, ઝૂલાવવું, હીંચકા ખાવા, હીંચકા નાંખવા to swing	swung	swung
વધવું to thrive	throve	thriven
પગ મૂકવો to tread	trod	trodden
વણવું to weave	wove	woven
લપેટવું to wind	wound	wound

સામાન્યરૂપ.	ભૂતકાળ.	ભૂતકૃદંત.
સમજવું to understand	understood	understood
માથે લેવું to undertake	undertook	undertaken

૧૨૮) ગુજરાતીમાં કોઈવેળાએ બીજી વિભક્તિને બદલે, એટલે કર્મને અર્થે, ચોથી વિભક્તિ આવેછે, જેમકે, તેણે છોકરાને માર્યો. એવું બનેછે ત્યારે વિદ્યાર્થીએ સાવધ રહેવું જોઈએ અને ભૂલ બાઈને અંગ્રેજીમાં નામયોગી *to* ન લગાડવો. "ને" પ્રત્યય લાગ્યો હોય ત્યારે વિચાર કરવો જોઈએ કે કર્મને અર્થે કે સંપ્રદાનને અર્થે આવ્યોછે; જો કર્મને અર્થે હોય તો અંગ્રેજીમાં કશું જોઈતું નથી, અને સંપ્રદાનને અર્થે હોય તો નામયોગી to લગાડવો જોઈએ, જેમકે આ છોકડી પોતાના ભાઈને ચાહેછે (આમાં ભાઈને કર્મ છે, માટે) This girl loves her brother. આ છોકડી પોતાના ભાઈને ચોપડી આપેછે (આમાં ભાઈને સંપ્રદાનને અર્થે છે, માટે) This girl gives a book to her brother.

૧૨૯) કોઈ વખતે એવું બનેછે કે ગુજરાતી ક્રિયાપદ સાથે કર્મ તથા સંપ્રદાન બેઉ આવે છે, પણ અંગ્રેજીમાં કર્મ જતું રહેછે અને સંપ્રદાન તે કર્મ બનેછે, જેમકે, ઘોડાએ મને લાત મારી A horse kicked me.

૧૩૦) અભ્યાસપાઠ ૩૧.

વડ a banyan tree	લાત મારવી to kick
જટા pendent roots	વસંતઋતુ the spring
વછેરૂં a foal	ખેડવું to till
વછેરો a colt	બાયડી a wife
વછેરી a filly	માછલું a fish
કોઈ નહિ none, none at all	વાંસફોડો a bamboo-worker
કંઈ નહિ nothing, nothing at all	કુંભાર a potter
પગની આંગળી a toe	હાંલ્લું an earthen vessel

હમણા just, now
તેથી so that
કાંટો a thorn
દુઃખવું, દરદ થવું to be painful
સાડાત્રણ three and a half
આખું a whole
પેદા કરવું to create
હાડકું a bone
જોરાવર strong
ચાક a wheel
પગ a foot, a leg
વણકર a weaver
ઘા a wound (વુંડ)
લપેટવું wound (વૌંડ)
માદરપાટ calico
સારૂં થવું to get better
છોડી a girl, a daughter.

૧ પેલા વડની જટા પવનમાં ઝૂલેછે. ૨ પોણો કલાક મેં હીંચકા ખાધા. ૩ તમારો વછેરો મારી પાસે (જ્યારે) હતો ત્યારે તે બહુ વધ્યો. ૪ પણ પછી (since) તે કંઈ વધ્યો નથી. ૫ મારા પગની આંગળી પર તેણે પગ મેલ્યો. ૬ હમણા મારા પગમાં કાંટો વાગ્યોછે અને તેથી મારા પગમાં બહુ દરદ થાયછે. ૭ હું આવ્યો ત્યારે બધા વણતા હતા. ૮ સાડાત્રણ દિવસમાં તેણે આખું થાન વણ્યુંછે. ૯ ઘડીઆળને મેં કુંચી નથી આપી. ૧૦ હું રોજ મારી ઘડીઆળને કુંચી આપુંછું. ૧૧ શું તમે સમજ્યાછો? ૧૨ હું મારો પાઠ સમજ્યો. ૧૩ હું તે (it) માથે લઉંછું. ૧૪ તેણે ત્રણ પાઠ લખવાનું (to write) માથે લીધું. ૧૫ શું તમે મારૂં કહેવું (me) સમજ્યાછો? ૧૬ ઈશ્વરે જગત પેદા કીધું. ૧૭ કૂતરાએ હાડકું ખાધું. ૧૮ કૂતરાને મેં હાડકું નાંખ્યું. ૧૯ ઘોડાએ કૂતરાને લાત મારી. ૨૦ વસંતઋતુમાં ખેડુત ખેતર ખેડેછે. ૨૧ ચૂનારાએ બે રૂપિઆ માગ્યા, પણ મેં તેની બાયડીને પૈસા આપ્યા. ૨૨ ઇંડાં તમે ક્યાં મૂક્યાં? ૨૩ મગર માછલાંને ખાયછે. ૨૪ વાંસફોડાએ કુહાડી ભાગી નાંખી. ૨૫ કુંભાર હાંલ્લાં બનાવેછે. ૨૬ આ નાના છોકરાએ પોતાની ટોપી બાળીછે. ૨૭ આ ખેડુત બાજરી ઓરેછે. ૨૮ ગયે વરસે તેણે જુવાર ઓરી હતી. ૨૯ હમણા તે ઓરી રહેશે. ૩૦ હું ઓરી રહીશ. ૩૧ આ ચોરે મારી ઘડીઆળ ચોરી. ૩૨ સારૂં લખવાને

પ્રયત્ન કરો. ૩૩ તેણે જાણ્યું કે હું માંદો હતો. ૩૪ તેણે કહ્યું કે તે માંદી હતી. ૩૫ આ નિશાળીઓ ઘણા આળસુ છે, તેથી પાઠ કરતા નથી. ૩૬ હું આવ્યો ત્યારે વાંસફોડો ટોપલા બનાવતો હતો અને કુંભાર હાંલ્લાં બનાવતો હતો. ૩૭ તે કુંભારના ત્રણ છોકરા ચાક પર રોજ હાંલ્લાં બનાવેછે. ૩૮ સુતારે પોતાના છોકરાને માથે (round) પાઘડી લપેટી. ૩૯ તમારા પગપર મેં પગ મેલ્યો, તે માફ કરો (I beg your pardon, I...). ૪૦ પેલા ગરીબ વણકરનો પગ ભાગ્યો. ૪૧ આ સિપાઈના પગમાં મોટો ઘા હતો. ૪૨ તેના પગપર વૈદ્યરાજે સાડાત્રણ વાર (of) માદરપાટ લપેટ્યો. ૪૩ તેનો પગ સારો થયો. ૪૪ હમણાં તે ચાલી શકેછે. ૪૫ શિક્ષકે આ નઠારા છોકરાને કાલે માર્યો (હતો). ૪૬ શિક્ષક બધાં છોકરાંને ચાહેછે, અને બધાં છોકરાં તેને ચાહેછે. ૪૭ મેં મારા ભાઈને મારી ચોપડી આપી, કેમકે હું મારા ભાઈને ચાહુંછું. ૪૮ આ બાઈ પોતાની એ છોડીને વખાણેછે.

ભાગ

૧૩૧) સહાયકારક ક્રિયાપદનાં રૂપાખ્યાન

	To have પાસે હોવું.	To be હોવું, થવું.	To do કરવું.
સામાન્ય રૂપ	To have	To be	To do
વર્તમાન કૃદંત ...	having	being	doing
ભૂત કૃદંત	had	been	done
વર્તમાનકાળ ...	I have	I am	I do
	thou hast	thou art	thou dost
	he has	he is	he does
	we have	we are	we do
	you have	you are	you do
	they have	they are	they do
ભૂતકાળ	I had	I was	I did
	thou hadst	thou wert	thou didst
	he had	he was	he did
	we had	we were	we did
	you had	you were	you did
	they had	they were	they did

To have, to be તથા to do એ સહાયકારક

Shall, will, may તથા can એ ફક્ત

અભ્યાસ

૧૩૨) ઉપલા નમૂના પ્રમાણે

પાઠ ૨૬.

TABLE OF THE AUXILIARY VERBS.

Shall ઈશ, શું.	Will શે, શો.	May રજા છે.	Can હું શકુંછું.
નથી.	નથી.	નથી.	નથી.
....	....	....	....
....	....	....	....
I shall	I will	I may	I can
thou shalt	thou wilt	thou mayest	thou canst
he shall	he will	he may	he can
we shall	we will	we may	we can
you shall	you will	you may	you can
they shall	they will	they may	they can
I should	I would	I might	I could
thou shouldst	thou wouldst	thou mightest	thou couldst
he should	he would	he might	he could
we should	we would	we might	we could
you should	you would	you might	you could
they should	they would	they might	they could

